Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
આષાઢ
અંક ૧૨ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૮
વિ. સં. ૧૯૮૯

મૂલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


૧ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથા ... ... લે૦ મનોનંદન. ... ૨૭૧
૨ અમારી પૂર્વદેશની યાત્રા... ... ... મુનિશ્રી ન્યાયવિજયજી. ... ૨૭૪
૩ એક અદ્દભુત શોધ ... ... નાગરદાસ મગનલાલ દોસી B. A. ... ૨૭૭
૪ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.... ...વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... ૨૮૧
૫ નૈતિક સંસ્કાર ... ... ...રા. ગાંધી ... ... ૨૮૫
૬ સદ્દબોધ ... ... ... સ્વ. આ. શ્રી અજિતસાગરસૂરિ. ... ૨૮૮
૭ જૈન દર્શન સંબંધી મુકાબલો ... સં૦ સદ્દ. શ્રી કર્પૂર વિ. મહારાજ ... ૨૮૯
૮ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા ,, ... ૨૯૦
૯ શ્રી સૌરીપૂરી તીર્થ કેસ ... ... સેક્રેટરી ... ... ... ૨૯૧
૧૦ સ્વીકાર-સમાલોચના ... ... ... ... ... ... ૨૯૨
૧૧ વર્તમાન સમાચાર ... ... ... ... ગાંધી ... ૨૯૩



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## સામાયિક ચૈત્યવંદન સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સુત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જઅઢી આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानंद प्रकाश

( પુસ્તક ૩૦ મું. )

॥ वन्दे वीरम्. ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरूणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

( પુ. ૩૦ મું. ) વીર સં. ૨૪૫૮–૫૯. આત્મ. સં. ૩૭–૩૮ અંક ૧ થી ૧૨

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧–૦–૦ ટપાલ ખર્ચ ૦–૪–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | મંગળ પ્રાર્થના ( કાવ્ય. ) | ( સં. વેલચંદ ધનજી ) ... ... | ૧. |
| ૨ | નૂતનવર્ષનું મંગલમય વિધાન. | ( સંભા. ) ... ... ... | ૩. |
| ૩ | વર્ષાકાલવર્ણનમ્ ( કાવ્ય. ) | ( અનેકાંતી ) ... ... ... | ૧૦. |
| ૪ | નૂતનવર્ષાભિનંદન. ( „ ) | ( વિનયકાંત કાંતિલાલ મહેતા ) ... ... | ૧૨. |
| ૫ | સાવધ થા ! | ( „ ) ... ... | ૧૩. |
| ૬ | સાચી સ્વતંત્રતા. | ( આત્મવલ્લભ ) ... ... | ૧૪. |
| ૭ | વર્ષાઋતુનું આગમન ( કાવ્ય ) | ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ M. A. ) | ૧૭. |
| ૮ | ત્યાગનો મહિમા. | ( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. ) ... | ૧૯. |
| ૯ | જૈન સમાજમાં કલેશ અને તેનું પરિણામ | ( મુનિરાજ શ્રી દર્શનવિ૦ મહારાજ ) | ૨૨. |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના | ૨૪, ૪૭, ૭૧, ૯૫, ૧૧૯, ૧૪૪, ૧૯૪, ૨૧૮. | ૨૯૨. |
| ૧૧ | માફી. ( કાવ્ય ) | ( સં. વેલચંદ ધનજી ) ... ... ... | ૨૫. |
| ૧૨ | અર્થશૂન્ય ક્ષમાપના અને ભાવમિથ્યાત્વ. | ( મુનિરાજ શ્રી દર્શન વિ૦ મહારાજ ) | ૨૭. |
| ૧૩ | એ મૂર્ખનો સરદાર ( કાવ્ય ) | ( શા બાબુલાલ પાનાચંદ ) ... | ૨૯. |
| ૧૪ | શ્રી તીર્થંકરચરિત્ર | ( મુનિરાજ શ્રી દર્શન વિ૦ મહારાજ ) | ... ૩૦, ૫૧, ૭૫, ૧૦૧, ૧૨૬, ૧૫૦, ૧૭૫, ૨૦૦, ૨૨૩. |
| ૧૫ | આવાહન ( કાવ્ય ) | ( વિનયકાંત કાન્તિલાલ મહેતા ) ... ... | ૩૪. |
| ૧૬ | ઉન્નતિને પંથે ( ચાર ગુણની પ્રાપ્તિ ) | ( સદ્ગ૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) | ૩૫. |
| ૧૭ | પૂજનની સફળતા | ( રા૦ ચોકસી ) | ૩૭, ૫૮, ૯૩, ૧૧૬, ૧૬૨. |
| ૧૮ | અમારી પૂર્વદેશની યાત્રા | ( મુનિરાજ શ્રી ન્યાય વિ૦ મહારાજ ) | ૩૯, ૫૯, ૮૦, ૧૦૯, ૧૩૧, ૧૫૪, ૧૮૨, ૨૦૬, ૨૩૦, ૨૫૨, ૨૭૪. |
| ૧૯ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ | ( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. ) | ૪૧, ૬૫, ૮૯, ૧૩૯, ૧૬૪, ૧૮૭, ૨૧૫, ૨૩૫, ૨૬૦, ૨૮૧. |
| ૨૦ | વિવિધ વચનામૃતો | ( સ્વ. આચાર્ય શ્રી વિજયકેસરસૂરિ ) ... ... | ૪૫. |
| ૨૧ | અભિલાષા ( કાવ્ય ) | ( વિનયકાંત કાન્તિલાલ મહેતા ) ... ... | ૪૯. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૨ | પૂર્ણાહુતિ ... | ( વિનયકાંત કાન્તિલાલ મહેતા ) ... ... | ૫૦. |
| ૨૩ | સત્સંગ–સંતસમાગમ કેમ કરતા નથી ? | ( સદ્દ૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) | ૫૪. |
| ૨૪ | પરમસુખ પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિનું ફળ કઇ રીતે સાંપડે ? | ( ,, ) ... | ૫૬. |
| ૨૫ | દ્રવ્યગુણપર્યાયવિવરણ | ( શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ ) ... | ૬૨, ૧૧૩, ૧૫૮. |
| ૨૬ | સમયના પ્રવાહમાં | ... ... ... ... ... ... | ૭૦. |
| ૨૭ | સુધારો | ... ... ... ... ... | ૭૨, ૧૬૮. |
| ૨૮ | શ્રી રત્નાકર પંચવિંશતિનો ગુજરાતી કાવ્યાનુવાદ ( કાવ્ય ) | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S. ) ... ... | ૭૩, ૯૮. |
| ૨૯ | કર્મપરિણામાદિની મૂકેલી સાત રાક્ષસીઓનું સ્વરૂપ | ( સદ્દ૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) ... | ૮૩, ૧૦૫. |
| ૩૦ | આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનું આત્મનિવેદન | ... ... ... | ૮૭. |
| ૩૧ | વર્તમાન સમાચાર | ... | ૯૫, ૧૧૭, ૧૪૧, ૧૬૮, ૧૯૦, ૨૩૯, ૨૬૭, ૨૯૩. |
| ૩૨ | સંસારના રંગ ( કાવ્ય ) | ( વિનયકાંત કાન્તિલાલ મહેતા ) ... | ૯૭. |
| ૩૩ | હૃદયરંગ ( ,, ) | ( સં. વેલચંદ ધનજી ) ... | ૧૨૧. |
| ૩૪ | શ્રી ભક્તામરકાવ્યાનુવાદ ( ,, ) | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S. ) | ૧૨૩, ૧૪૭, ૧૭૧, ૨૧૯. |
| ૩૫ | જૈનોની સંઘસ્થિતિ અને શુદ્ધિ તેમજ સંગઠનની જરૂરીઆત | (ભોગીલાલ પેથાપુરી) | ૧૩૫. |
| ૩૬ | પુરાતન પ્રભા ( કાવ્ય ) | ( વિનયકાંત કાન્તિલાલ મહેતા ) | ૧૪૫. |
| ૩૭ | સ્વદેશભાવના ( ,, ) | ( સ્વ૦ આચાર્ય શ્રી અજિતસાગરસૂરિ ) | ૧૬૧. |
| ૩૮ | પુષ્પજીવન ( ,, ) | ( વિયનકાંત કાંતિલાલ મહેતા ) ... | ૧૬૯. |
| ૩૯ | છ લેશ્યાનું સ્વરૂપ | ( સદ્દ૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) ... ... | ૧૭૯. |
| ૪૦ | શ્રીવીર જયંતિ (કાવ્ય) | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S. ) | ૧૯૫. |
| ૪૧ | શ્રી જેસલમેર તીર્થ સ્તવન ( કાવ્ય ) | ( આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ) | ૧૯૮. |
| ૪૨ | પરમાર્થમાર્ગમાં નડતા આઠ વિઘ્નો | ( ગાંધી ) ... | ૨૦૩, ૨૩૩. |
| ૪૩ | પ્રશ્નોમાં છુપાયેલ પ્રશ્નોત્તરો ( કાવ્ય ) | ( વિનયકાંત કાંતિલાલ મહેતા ) | ૨૦૯. |
| ૪૪ | વાડાનો દુરાગ્રહ કોને છે ? | ( મુનિરાજ શ્રી ચરણ વિ૦ મહારાજ ) | ૨૧૦. |
| ૪૫ | નીતિબોધ વચનો | ( સદ્દ૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) ... | ૨૨૬. |
| ૪૬ | અભિનંદન પત્રો | ... ... ... ... ... ... | ૨૪૩. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૪૭ | મહર્ષિ શ્રી આત્મારામજી મહારાજની જયંતિ ( કાવ્ય ) | ( સં. વેલચંદ ધનજી ) | ૨૪૭. |
| ૪૮ | હંસપ્રતિ હંસસ્યાન્યોક્તિ | ( મુનિ હિમાંશુવિજય ) ... ... | ૨૪૯. |
| ૪૯ | ઉપમિતિભવપ્રપંચાકથાનું સપદ્યગદ્યભાષાંતર ( કાવ્ય ) | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા M. B. B. S. ) ... | ૨૫૦, ૨૭૧. |
| ૫૦ | મનુષ્યોના વિકાસ ક્ષેત્રો | ( ગુલાબચંદ લલ્લુભાઇ શાહ ) ... ... | ૨૫૫. |
| ૫૧ | ઇચ્છા અને માર્ગ | ( સદ્‌૦ શ્રી કર્પૂર વિ૦ મહારાજ ) ... ... | ૨૫૭. |
| ૫૨ | સત્તાના એ મીઠા ઝેર. | ( નાગરદાસ મગનલાલ શાહ ) ... ... | ૨૬૫. |
| ૫૩ | ગુરૂ જયંતિ ... ... ... ... ... ... ... | | ૨૬૭. |
| ૫૪ | એક અદ્દભુત શોધ. ... | ( નાગરદાસ મગનલાલ દોશી ) ... ... | ૨૭૭. |
| ૫૫ | નૈતિક સંસ્કાર.... ... ... | ( ગાંધી ) ... ... ... | ૨૮૫. |
| ૫૬ | સદ્દબોધ | ( સ્વ. આ. શ્રી અજિતસાગરસૂરિ. ) ... ... ... | ૨૮૮. |
| ૫૭ | જૈન દર્શનનો ઇતર દર્શન સાથે તત્ત્વજ્ઞાનનો મુકાબલો. | ( સં. સદ્‌૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ) ... | ૨૮૯. |
| ૫૮ | વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા. ... | ...( ,, )... ... | ૨૯૦. |
| ૫૯ | શ્રી સૌરીપુરી તીર્થકેસ. | ( સેક્રેટરી ) ... ... ... ... | ૨૯૧. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. अषाड. आत्म सं. ३८. { अंक १२ मो.

મહાત્માશ્રી સિદ્ધર્ષિપ્રણીત.

## શ્રી ઉપમિતિભવપ્રપંચકથા સપદ્ય–ગદ્ય અનુવાદ.

### भूमिका.

( ગતાંક પૃષ્ઠ ૨૫૧ થી શરૂ )

### મંગલાચરણઃ—

### પરમાત્મસ્તુતિ.

—ભૂજંગી—

મહામોહની[૧] હિમ જેવી પીડાને,
અશેષે કરી સર્વથા નાશ જેણે;
અલોકા અને લોક વિલોકવામાં,
રવિરૂપ એવા નમું તે પરાત્મા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપે કરી જે પરિપૂર્ણ વર્ત્તે,
નમું તેહ વિશુદ્ધ ધર્મી જ પ્રત્યે;
નથી જેહના ગોચરે કો વિકારો,
નમસ્કાર એ મૂર્ત્તિ પ્રત્યે હમારો. ૨

## ઋષભાદિ જિનસ્તુતિ.

ત્રણે ભુવનોનેય સંતાપનારા,
મહાકેસરી[૨] રાગ તે મારનારા;
પ્રશંમામૃતે તૃપ્ત છે જે જિણંદા,
મહાત્મા નમું નાભિ નૃપેંદ્ર નંદા. ૩

પરં શત્રુ તે દ્વેષ[૩] માતંગ કેરા,
અહો ! સાવ કુંભસ્થળો ભેદનારા;
અજિતાદિ જિનેંદ્રના વૃંદરૂપી,
નમું વિમલાત્માય સિંહ સ્વરૂપી. ૪

દળ્યા સર્વથા દોષ જેણે સમસ્ત,
તથા [૪]મીનકેતુય કીધો [૫]નિરસ્ત;
નથી જેહને વૈરી કો વર્ત્તનારા,
નમું વીર મિથ્યાત્વને ટાળનારા. ૫

મહાસૈન્ય જે અંતરંગી નઠારૂં,
જનો સર્વને જેહ સંતાપનારૂં;
દળ્યું તેહ જે કો મહાત્મે* લીલામાં,
હજો તેહ પ્રત્યે હમારા પ્રણામા ! ૬

† આર્યપ્રણાલિકા પ્રમાણે અત્રે મંગલ, અભિધેય, વિષય, પ્રયોજન, સંબંધ અને પાત્રનો વિવેક કરવામાં આવ્યો છે.

૧ મહામોહ સમસ્ત અંતરંગ વૈરીનો પિતામહ-દાદો કહેવાય છે. તેની પીડાને અહીં બરફ જેવી શિતલ કહી છે.

૨ રાગકેસરી તે મહામોહનો મોટો પુત્ર. ૩. દ્વેષગજેંદ્ર મહામોહનો નાનો પુત્ર. ૪. મકરધ્વજ, કામદેવ. ૫. સર્વથા નાશ કર્યો છે.

* અંતરંગ મહામોહાદિ શત્રુ સૈન્યને હણનાર-' અરિહંત '-ગમે તે કોઇ મહાત્મા હોય તેને અત્રે નમસ્કાર કર્યો છે. આવો જ નિષ્પક્ષપાત શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે દર્શાવ્યો છે.—

" भवबीजाङ्कुरजनना रागादयः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ "

શ્રી મહાદેવસ્તોત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જિનવાણીની પ્રશંસા.

બધા વસ્તુવિસ્તાર વિચારનો યે,
અહો ! જેહના ગોચરે પાર હોયે;
બધા પાપને જેહ સંહારનારી,
નમું વાણી જિનેશની તે રસાળી. ૭

## વાગીશ્વરી સ્તુતિ.

મુખેન્દુતણા કિરણો જ્યાં પડે છે,
કરે પદ્મ તે વિકસેલું ધરે જે;
અચિન્ત્યા મહાધામ કેરા પ્રભાવે,-
નમું એહવા દેવતાને સુભાવે. ૮

## સદ્‌ગુરૂ સ્તુતિ.

પ્રભાવે કરી જે ગુરૂરાજ કેરા,
અહીં બોધવાને મનુષ્યો અનેરા;
થઇ જાય ઉદ્યુક્ત આ મુજ જેવા,-
વિશેષે નમું સદ્‌ગુરૂરાજ એવા. ૯

## ઉપજાતિ.

કરી નમસ્કાર સમસ્ત આમ,
વિઘ્નો વળી શાંત કરી તમામ;
પ્રસ્તાવ વિવક્ષિત અર્થ કેરો,
રચીશ નિરાકુલ હું થયેલો. ૧૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૨૫૪ થી શરૂ )

અમે ખાસ માણેકસ્થંભનાં વંદન કરવા–દર્શન કરવા ગયા હતા. પ્રથમ એક અર્વાચીન દિગંબર મંદિર આવ્યું તેની પછી બીજું મંદિર આવ્યું આમાં બંને માણેકસ્થંભ જોયા. હાલમાં તેમાંથી પાદુકા ઉઠાવીને મંદિરમાં પધરાવી છે. અમે તેને ખૂબ ભક્તિ અને પ્રેમથી વંદન કર્યું. આજુબાજુ ઘણું બારિક નિરીક્ષણ પણ કર્યું. પાદુકા અતિ પ્રાચીન અને જીર્ણ છે. અંદર શિલાલેખ વગેરે નથી પરન્તુ દિગંબર મહાનુભાવોએ પોતાનું જમાવવા ખાતર જ નવા શિલાલેખ આજુબાજુ કોતરાવ્યા છે. લેખ નવા છે તેની ખાત્રી ભાષા અને રચના પણ આપે છે.

ત્યારપછી અમે વિશેષ ખાત્રી માટે ત્યાંના મુનિમને મળ્યા. માણસ ભલો અને સજ્જન હતો. પૂજારી પણ સારો હતો. અમે સવિસ્તર ઇતિહાસ પૂછયો. બુઢ્ઢા મુસલમાને કહેલી વિગતની સત્યતા પૂછી. ઘણીખરી વાત તદ્દન મળતી હતી. પુનરૂક્તિ દોષ સ્વીકારીને તેમનું કથન અહીં આપું છું.

" પહેલાં આ (દિગંબરી) મંદિર ન્હોતું. માત્ર આ માણેકસ્થંભ અને પાદુકા હતી. ધીમે ધીમે જૈનોની વસ્તી ઘટવાથી પૂજારી બ્રાહ્મણના કબ્જામાં પાદુકા આવી. તેણે પાદુકા પોતાને ઘેર લઇ જઇને લાવવાની ગોઠવણ રાખેલી, અને દર્શન નિમિત્તે યાત્રુઓ પાસેથી પૈસા પડાવતો હતો. પછી ત્યાંના દિગંબરોએ તેને અમુક રૂપિયા અને બીજી લાલચ આપી પાદુકા કબ્જે કરી, જો કે પાછળથી તેની સાથે કાંઇક ઝઘડો થયેલો, પરન્તુ સમાધાન કરી લઈ ત્યાં મંદિર બંધાવ્યું અને પાદુકા બેસાડી. અમુક સમય બાદ ત્યાં મૂર્તિ પધરાવી દિગંબર મંદિર' કરી દીધું એ બ્રાહ્મણના વંશજો અદ્યાવધિ પાદુકા સન્મુખ ચઢતી દરેક વસ્તુ લઇ જાય છે બીજું મંદિર તો હમણા જ બન્યું છે." વગેરે વગેરે.

આ બધા ઉપરથી એટલું તો નિર્વિવાદ સિદ્ધ થાય છે કે અહીં શ્વેતાંબર જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હશે. માણેકસ્થંભ અને પાદુકા વગેરે શ્વેતાંબર જૈનોના હાથમાં હશે પરન્તુ મુગલાઇ હુલ્લડ વખતે જૈનોનું પ્રભુત્વ ઘટયા પછી **દિગંબર જૈન દેવસીએ** આ સ્થાનને દિગંબરના સ્થાન તરીકે સ્થાપ્યું હશે. ત્યારપછી વળી મરાઠી અને મુગલાઇ હુલ્લડ વખતે તે પૂજારીના તાબામાં ગયું. તે પૂજારી દરેક જૈનોને દર્શન કરાવતો-કરવા દેતો અને વૈષ્ણવોને પણ દર્શન કરાવી પૈસા લેતો હશે. પછી દિગંબરોએ પોતાની સત્તાસમયે પાદુકા અને સ્થાન, માણેકસ્થંભ વગેરે તેને ધન આપી પોતાના કબ્જામાં કર્યું અને ધીમે ધીમે દરેક જૈનોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિં પણ પોતાનું સ્થાપવા દિગંબર મંદિર બંધાવ્યું. અસ્તુ જે બન્યું તે આજે પ્રત્યક્ષ છે, છતાં આનંદની વાત એટલી છે કે શ્વેતાંબરો અને દિગંબરનાં મંદિર જૂદાં છે. બન્ને પોત-પોતાનું અલગ કરે છે. ધર્મધ્યાન કરે છે. દરેક વાતે શાન્તિ છે. આટલો લાંબો ઇતિહાસ રજુ કરવાનું કારણ માત્ર **સત્યસ્થિતિ** જણાવવાનું જ છે.

અહીંથી અમે વિહાર કરી પ્રભુ શ્રી વીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ તરફ વિહાર કર્યો. પ્રથમ મુકામ જ **સુલતાનગંજ** હતું.

### સુલતાનગંજ—

ચંપાનગરથી ૧૩–૧૪ માઇલ દૂર છે. અહીં ભગવતી ભાગીરથી–ગંગા પોતાનો વિશાલ દેહપટ પાથરીને પડયાં છે. પાણી ભરપૂર રહે છે. અંદર હોડીઓ ચાલે છે. અહીંથી ભાવિક વૈષ્ણવજનો અને શૈવભક્તો ગંગાનું જલ ભરી કાવડમાં ઉપાડી પગપાળાજ ચાલતા ૬૦થી ૭૦ માઇલ દૂર આવેલ **બૈજનાથ–વૈજનાથ મહાદેવને** અભિષેક માટે લઇ જાય છે. રોજ સેંકડો કાવડિયા જલ લઇ જાય છે. નૂતન યાત્રીઓ સેંકડોની સંખ્યામાં આવે છે અને જાય છે. શિવરાત્રિના દિવસોમાં તો અહીં ઠઠ જામે છે. અમે શિખરજીથી પુનઃ ચંપાનગરી ગયા ત્યારે વચમાં **બૈજનાથ** આવ્યું હતું. એકવાર આપણું પ્રાચીન **જૈન તીર્થ હતું**. વીજીઓની રાજધાની ગણાય છે. અત્યારના બૈજનાથ મહાદેવના મંદિરમાં જૈન મૂર્તિઓ પણ હતી, પરન્તુ ભૂદેવોએ ત્યાંથી ખસેડી દીધી છે. હાલમાંતો નથી જૈન મંદિર કે નથી જૈન વસ્તી. વૈષ્ણવોની ધર્મશાળાઓ ઘણી છે, ઉતરવાનું સ્થાન મળે છે. બેજનાથ સ્ટેશન અને તારઘર પણ છે. બેજનાથથી ચંપાનગર આવતાં રોજ સેંકડો કાવડિયા ગંગાજળ લઇને આવતા કે લેવા જતા મળતા હતા અમને જોઇ ખૂબ જોરથી **જય ભોળાનાથ** બોલતા. પછી અમે તો **ધર્મલાભ** કહેતા. પછી અમે પણ **જય વીર, વીર** કહી વીર ભગવાનની જય બોલાવતા.

હવે સુલતાનગંજની વિગત આપું. સુલતાનગંજ તદ્દન ગંગાકાંઠે આવ્યું છે. ગંગાની વચમાં નાનો પહાડ–ટેકરી છે. અત્યારે તે ટેકરી ઉપર એક મંદિર છે. પહેલા આ જૈન મંદિર હતું પરન્તુ અત્યારે તો શંમંદિર થઇ ગયું છે. અહીં પ્રથમ જૈનોની વસ્તી ઘણી હતી, મંદિરો પણ હતાં. હાલ તેમાંનું કાંઇ નથી. ગંગાની વચમાં નાનો પહાડ અને તેની ઉપર સુંદર જીનમંદિરને અષ્ટાપદજીની ઉપમા આપી છે, જેમાં રત્નની સુન્દર મૂર્તિ હતી. જુઓ પ્રાચીન તીર્થમાલામાં સૌભાગ્યવિજય આ સ્થાનનું વર્ણન આ પ્રમાણે આપે છે.

ઢાળ. ૬

"પટણાથી કોસ પચાસ રે વૈકુંઠપુરી શુભ વાસ રે,
શ્રાવક સેવે જીનરાજ રે દેહરાસર વંધા પાજ રે. (૧)
તિહાંથી દશ કોસેં જાણ રે ગામ નાંમે ચાડવપાણ રે,
ભગવંતદાસ શ્રીમાલ રે નિત પુજા કરે સુવિશાલ રે. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહરાસર દેવ જીહાર રે વલી રયણની પ્રતિમા નિહાર રે,
વંદી જીનજીના પાય રે જસ વંધ્યા શિવસુખ થાય રે. (૩)

ગંગાજીની મધ્ય ભાગ રે એક ડૂંગરી દીસે ઉદાર રે,
તિહાં દેહરી એક પવિત્ર રે પ્રતિમા જીન પ્રથમની નિત્ત રે. (૪)

કહે અષ્ટાપદની રીત રે ગંગા મધ્ય થઇયિં પ્રીત રે,
મિથ્યાતિ સ્નાન વિચાર રે માંને ઉરવાહે નિરધાર રે. (૫)

તિહાંથી દક્ષિણ કોસ ત્રીસ રે જીહાં વૈજનાથ છે ઇસ રે,
કાવડિયા ગંગાનીર રે લેઠાઇ લઇ શરીર રે. (૬)

તે જીહાં ગિરાંથી મારગજ બજાય રે દશ કોસે મારગ થાય રે,
ચંપા ભાગલપુર કહેવાય છે વાસુપૂજ્ય જનમ જીહા ઠાય રે. (૭)

કવિશ્રીનું આ કથન અક્ષરશઃ સત્ય છે. જે ચાડવષાણ ગામ લખ્યું છે તે જ અત્યારનું સુલતાનગંજ છે. પટણાથી લગભગ ૬૦ કોશ થાય છે. ગંગાની વચમાં ટેકરી–નાનો પહાડ જેને અષ્ટાપદની ઉપમા આપી છે તે જ પ્રમાણે અત્યારે છે. આદિનાથ પ્રભુનું એ સુન્દર જીનમંદિર અને શ્રાવકોનાં ઘર નથી તેને બદલે મંદિરમાં શિવલીંગ છે. હોડીદ્વારા ત્યાં જવાય છે. મૈથિલિ બ્રાહ્મણો અને અગ્રવાલોનાં ઘર છે. નદી કાંઠે મોટી ધર્મશાળા છે. અહીંથી કાવડિયા ગંગાજળ વૈજનાથ લઇ જાય છે અને અહીંથી ૩૦ થી ૩૫ કોશ છે. તેમજ ભાગલપુર પણ દશ કોશથી થોડું ઓછું છે પણ તેટલું જ કહેવાય. એટલે જે સ્થાને રત્નની પ્રતિમાઓ હતી, ભગવાનદાસ જે સ્વાભાવિક શ્રમણોપાસક હતા અને અષ્ટાપદની ઉપમાવાળું સ્થાન હતું તે આ જ સ્થાન છે તેમાં લગારે શંકા જેવું નથી. પટણાથી પચાશ કોશ દૂર જે **વૈકુંઠપુરી** લખી છે, તે પણ અત્યારે વિદ્યમાન છે. તેનું નામ અત્યારે **મહાદેવા** છે. જૈનોની વસ્તી કે જીનમંદિર કાંઇ પણ નથી. પરન્તુ ગાઉનાં માપ અને સ્થાન ઉપરથી અનુમાન થાય છે કે વૈકુંઠપુરી એ જ મહાદેવા છે. અહીં અગ્રવાલોની વસ્તી વધારે છે. એક ધર્મશાળા છે; અને એક તીર્થ જેવું મનાય છે. અહીંથી જમોઇ થઇ ક્ષત્રિયકુંડ જવાનો સીધો રસ્તો છે, પણ કાચો રસ્તો હોવાથી અમે તે રસ્તો છોડી અહીંથી લખીસરાઇ–કયુલ થઇ કાકંદી ગયા.

ચાલુ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક અદ્ભુત શોધ.

( લેખક–નાગરદાસ મગનલાલ દોશી બી. એ. )

પોતાની વિજળીની શોધખોળથી જગત ઉપર ઉપકાર કરતાં એડીસન અને ગુરૂત્વાકર્ષણના મહાન્ સિદ્ધાંતની શોધથી ખ્યાતિ પામેલાં સર આઇઝેક ન્યુટન વિષે જ્યારે મેં કાંઇક વાંચ્યું કે સાંભળ્યું ત્યારથી જ મેં પણ એક એવી શોધ કરી અમર નામ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. પહેલાં તો હું આમાં નિરાશ થયો કારણ કે જગતમાં થવી જોઇતી બધી શોધો થઇ ગઇ હતી અને હું જરા મોડો જન્મ્યો હતો એમ મને લાગ્યું; પણ પુખ્ત વિચાર કરતાં માલમ પડયું કે હજુ દુઃખી માનવજાતને માટે તેના દુઃખ નિવારણ અર્થે ઘણી શોધોને અવકાશ છે, અને આ વિચારે મને પુનઃ આશા અને પ્રેરણા આપી. મને કોઇ પણ વસ્તુ વધારે અસ્વસ્થ બનાવતી હોય તો તે માનવજાતિના દુઃખો છે. અને જો બને તો તેઓને દૂર કરવાને અથવા તો ઓછા કરવાને મેં પ્રયત્ન કરવાનો ઠરાવ કર્યો. પહેલાં તો મને લાગ્યું કે મનુષ્યને સુખી કરવો હોય તો સાચું સુખ કયું છે ? તે તેને સમજાવવું જોઇએ, પણ તે વસ્તુની મને જ ખબર નહોતી તેથી હું બીજાઓને કેમ ઉપદેશી શકું ? આથી પહેલાં તો મને જેટલાં સુખી લાગતાં હતાં તેઓની મુલાકાત લઇને અને તેઓનું સુખ શેમાં રહેલું છે તે જાણી લેવાનો મેં નિશ્ચય કર્યો. આ માટે હિંદમાં અગ્રગણ્ય ગણાતાં એક મોટા વૈભવશાળી રાજવીની મુલાકાત મેં લીધી. કોઇ પ્રેસ રીપોર્ટરની જેમ મેં આ ભાગ્યદેવીના પ્રિય પુત્રને સીધો અને ટુંકો પ્રશ્ન કર્યો. નામદાર! આપ મને જણાવશો કે આપ સુખી છો કે દુઃખી ? અને જો સુખી હો તો આપનું સુખ શેમાં છે ? કોઇ પોતાની સ્થિતિ જણાવવાને અધીરા બનેલાને કોઇ સાંભળનાર હમદર્દી મળે અને જેટલો આનંદ થાય તેટલો બલ્કે તેથી વધારે આનંદ તેને થયો. તેણે મને ઉદ્દેશીને કહેવાનું શરૂ કર્યું. તેના કથનની અંદર વિષાદ અને નિરાશાની છાયા સ્પષ્ટ તરી રહી હતી. આ રહ્યું તેનું દયા ઉપજાવે તેવું કથન. “ભાઇ ! એ સાચું છે કે અમ રાજવીઓની સાધારણ મનુષ્યો ઇર્ષ્યા કરે છે. અમારી ગાડી અને વાડીઓ તેઓને અસંતોષિત બનાવી તેઓના દુઃખમાં ઉમેરો કરે છે. અમારા બંગલા અને મહેલો જોઇ તેઓ બળે છે. મને તો લાગે છે આ બધી વસ્તુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને આનંદ દેવાના કરતાં ગરીબોને બાળવાને વધારે સરજાયેલી છે. આ બધા વૈભવના સાધનો અમને જરૂર સુખ આપે છે, પણ મને કહેતાં દુઃખ થાય છે કે એ સુખ ટકતું નથી અને તેનો કંટાળો અતિ ઉપભોગને અંતે સહેજે આવે છે અને અમે ખિન્નતા અનુભવીએ છીએ. વળી મિસ્કીનમાં મિસ્કીન આદમી જે ઉત્તમ મિત્રતા મેળવી શકે છે તેના સ્વપ્ના પણ અમને તો દુર્લભ છે. અમારી પાસ (૨૪) ચોવીસે કલાક ખુશામતનું વાતાવરણ પ્રસરી રહે છે અને બીજાઓને કર્ણપ્રિય લાગતી સઢીદારોની નીગાહો અમને, અમારી નિર્બળતાનું ભાન કરાવ્યા કરે છે. અમે એટલું તો અવશ્ય સમજીએ છીએ કે સાચી મહત્તા ધરાવનારને પોતાની મહત્તાના ગાન ગાનારાની જરૂર હોતી નથી, અને આ ખુશામતખોરો, અયોગ્ય પુરૂષોને ખુશામતથી મહાત કરી શકતા નથી. અમે વળી રહ્યા મોટા માવતરના સંતાનો એટલે અમારે ભણવાની જરૂર રહેતી નથી. અને પરિણામે અમારે અમારી બીનઆવડત સંતાડવાને પ્રધાનોનો આશ્રય શોધવો પડે છે. કેટલીકવાર અમારે તો પ્રધાનનું એટલું બધું માનવું પડે છે કે અમે મોટા કે પ્રધાનો મોટા તે વાત પણ અમે નક્કી કરી શકતા નથી. આમ અમે દુઃખી તો નથી પણ સાચું સુખ અમારાથી વેગળું રહે છે, તે તમે સમજી શકશો.” વાતચીત પુરી થયા બાદ મેં તે નામદારની રજા લીધી અને મેં મારી શોધને માટે બીજે જવાનું મન સાથે નક્કી કર્યું.

બીજે દિવસે હું એક મીલમાલીક આગળ ગયો. તે શેઠ પૈસે-ટકે તથા કુટુંબ-કબીલે સુખી હતાં. જ્ઞાતિમાં પણ તેમનું વજન પડતું અને જ્ઞાતિના પટેલીઆઓમાં પણ તેઓ શ્રેષ્ઠ ગણાતા, દેશના જૂદા જૂદા ભાગોમાં તેઓના કારખાના હતાં, અને હિંદના સર્વશ્રેષ્ઠ ધનિકનું તેમને બીરૂદ સાંપડેલું. સરકારે પણ તેમના ધનની કદર કરીને છપનીયાની સાલમાં તેમને સર નાઇટ બનાવેલા, ને છેલ્લા મહાન વિગ્રહ વખતે તેમણે ગવર્નમેંટ ઓફ ઇંડીઆની સારી એવી લોન લેવાથી સરકારે તેમને કે. સી. એસ. આઇ. નો માનવંતો ઇલકાબ આપ્યો.

મેં જેમ પહેલા ભૂપતિને પ્રશ્ન કરેલો તે જ પ્રશ્ન આ હિંદના ધનકુબેરને કર્યો. કહો શેઠજી સુખી છો કે દુઃખી ? આ સાંભળીને શેઠજીની વાત ચાલી. તેઓ બોલ્યા કે-ભાઇ હું સુખી છું કે દુઃખી એ વસ્તુ હું હજી નક્કી કરી શકયો નથી, છતાં મન તો કહે છે કે તું સુખી નથી. જુઓને આજના પત્રમાં શું આવ્યું છે કે મીલમજુરોની સામાન્ય હડતાળ પડવાનો ભય છે. હડતાળનું કારણ પગારમાં કરેલો ઘટાડો છે, આ મજુરોને મજુરોના સંઘોથી તો તોબા પ્રભુ ! તો જાણે દાદા હોય તેમ વર્તે છે. કાંઇક મતફેર હોય તો અમને નોટીસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કાં તો અષ્ટીમેટમ. અને તે પણ અઠવાડીઆ કે પખવાડીઆની નહિં પણ અડતાલીશ અને (૨૪) ચોવીસ કલાકની. મજુરલોકોનું વર્તન તો એટલું ઉદ્ધત છે કે શેઠ કોણ એ કહેવું જ મુશ્કેલ છે. તમે જાણો છો કે હાલમાં વેપારમાં કેટલી બધી મંદી છે? બધા ઉદ્યોગો મરવાને આળસે જીવે છે. તેમાંય વળી પરદેશની આકરી હરીફાઈ પહેલાં તો યુરોપીયન દેશોની સામે ટક્કર ઝીલવાની હતી પણ હવે તો જાપાન જાગ્યું. જાપાનીઝ માલ તો એટલો સસ્તો આવે છે કે તેની સામે કેમ ટકવું એ જ ખબર પડતી નથી. સરકાર આ હરીફાઇ ઓછી કરવાને તેના ઉપર જકાત નાખે તો જાપાન જગાતને હસી કાઢતું હોય તેમ પહેલાં કરતાં ઓછા ભાવે માલ વેચે છે. ઇશ્વર જાણે આ બધું કેમ થાય છે. બાકી આપણી તો બુદ્ધિ આમાં કામ કરતી નથી. હવે આવી સ્થિતિમાં અમારા મજુરો વધારે પગાર માગે, કામ કરવાના ઓછા કલાક માગે પછી ભલે તેઓના શેઠ તો બારે કલાક વૈતરૂં કર્યાજ કરે. વળી જો આ ગેરવ્યાજબી માગણી અમે ન કબૂલ કરીએ તો અમારો તો જાણે દૈવ જ રૂઠ્યો એમ સમજવું. મજુરો અને તેના પક્ષના પત્રો અમારી ફજેતી કરવામાં બીલકુલ કચાશ નહિં રાખે. અમોને માનવહત્યારા તથા લોહીતરસ્યા માનવીયો વગેરે ગાળોથી નવાજશે, અને જનતાની સહાનુભૂતિ તેઓના તરફ ખેંચવાના એકે એક પ્રયત્ન તેઓ ચુકશે નહિં જ, તેઓની હડતાળની દમદાટીથી અમો એટલા તો બીએ છીએ કે એથી વધારે ભયંકર વસ્તુ અમારે માટે ભાગ્યે જ હશે." આ શેઠ તો હજુ પોતાના દુઃખો રડતા હતા ત્યાં વચ્ચે જ મેં રજા માગી લીધી કારણ કે મેં જાણી લીધું કે જે વસ્તુ માટે હું અહિં આવ્યો છું તે વસ્તુ મેળવવા પુરતા શેઠ ભાગ્યશાળી નથી. આથી મેં શેઠને જયવંદન કરી રસ્તો માપ્યો.

ત્યારબાદ હું એક ખાનદાન ગણાતા કુટુંબના નબીરા પાસે ગયો. તેની ઇકોતેર પેઢીથી ખાનદાની ઉતરી આવતી હતી અને સારાય ગામની ખાનદાનીનો ઇજારો તેણે રાખ્યો હોય તેમ તેના વર્તન અને વિચાર ઉપરથી લાગતું હતું. વળી તે ગામના લોકો પણ એ કુટુંબ ઉપર મમતા રાખતા અને તેના કામ પોતાના ગણી હોંશપૂર્વક ગણવામાં માન સમજતા. મેં આ મહેરબાનને પૂછયું કે ભાઇ સુખી તો છો ને? આ સાંભળતાં જ તેણે ઉકળાટભર્યો જવાબ આપ્યો. ભાઈ હમણાં તો ઉપાધિનો પાર નથી. જુઓને પહેલા ગાંધી અને તેના અનુયાયીઓની પ્રવૃત્તિઓ. બીચારાઓ માનવજાતિમાંથી અસમાનતા કાઢવા તૈયાર થયા છે, પણ તેઓને ખબર કયાં છે કે અસમાનતા રહેવાની. ધર્મની શુદ્ધિને નામે આજે તેઓ ઉંચ અને નીચ કોમને સરખી કરવા મથે છે. સર્વ માણસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખાં જ છે, એવો બકવાદ કરે છે. ત્યારે શું ઇકોતેર પેઢીથી ચાલી આવતી ખાનદાનીનો એકલો વારસ હું અને મારા ગામનો પહેલો ધનો ઢેઢ સરખાં? અરે આ તો દુનીઆનું શું થવા બેઠું છે? શું સનાતનધર્મનો વિલોપ થશે? અરે પણ તે તો બધું ઠીક પણ આ સમાનતા ફેલાવવામાં મારી ખાનદાની અને મોભો જોખમાશે તેનું શું? અરે આ અને આવા બીજા વિચારો તો મારી નિદ્રા હરી લે છે. અહિં એ સુખ શોધવામાં નિષ્ફળ નિવડવાથી આપણે જેમ તેમ કરીને રજા લીધી.

પછી હું એક વિદ્વાન ગણાતાં માણસ પાસે ગયો. તેનું ડહાપણ અને જ્ઞાન સહુ કોઇને જાણીતા હતા. વળી શાસ્ત્રવિશારદ સાહિત્ય સમ્રાટ કવિકુલ શીરોમણી વિગેરે ઉપાધિઓથી તે ભૂષિત હતો. ગામમાં સાધારણ રીતે તેઓ પંડિતના નામે ઓળખાતા અને સન્માન પામતા. વળી તેઓ બીજાઓ કરતાં પોતાનામાં જ્ઞાન વધુ જાણતા હોવાનો ડોળ કરતા અને કેટલીક વારતો પોતાના ઉપદેશથી ગામ લોકને હેરત પમાડતાં. મેં તેમને પણ પ્રથમ પૂર્વક સવાલ કર્યો કે તરતજ કાંઇક ગંભીરતા સાથે જવાબ આપ્યો. ભાઇ મન માને તે સુખ, અને મન માને તે દુઃખ. બાકી હું સુખી છું, એમ ખાત્રીપૂર્વક કહી શકતો નથી. આજે વિદ્યાની કદર બુઝનારનો અભાવ હોઈ મને તો બહુ જ દુઃખ લાગે છે. શાસ્ત્રમાં તો કહ્યું છે કે વિદ્વાન રાજા કરતાં પણ મોટો છે, પણ વહેવાર તો આથી ઉલટું સિદ્ધ કરે છે. વિદ્વાન, રાજાથી તો શું પણ એક મુફલીસ શ્રીમંત ચમાર કે મોચીથી પણ ચઢતો નથી. કોઇ અભણ શ્રીમંત મારવાડી પાસે, જ્યારે વિદ્વાન માણસ સેવાને અર્થે યાચના કરવા જાય છે ત્યારે મને બહુ જ આઘાત લાગે છે, અને મનમાં સહેજે પ્રશ્ન ઉઠે છે કે સરસ્વતી મોટી કે લક્ષ્મી? અહિંયાંએ હું સુખ શોધવામાં નિષ્ફળ નિવડ્યો અને મને લાગવા માંડ્યું કે હું આ કામ નહિંજ કરી શકું. પણ જુગારીના છેલ્લા દાવની માફક મેં છેલ્લો એક પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો, અને એક ચીંથરેહાલ મજુરના ઘરે ગયો અને તેની સ્થિતિ વિષે પુછપરછ કરી. તે બીચારો બરાડી ઉઠ્યો, ભાઇ મારી સ્થિતિ વિષે તો ન પુછો તો જ સારૂં. બાકી સાંભળવાથી તમોને દુઃખ થશે અને મને કાંઇ ફાયદો નહિં થાય; પણ જો તમે તે વિષે મક્કમજ હો તો સાંભળો, સવારથી સાંજ સુધી તડકા કે, ટાઢની દરકાર કર્યા વગર મજુરી કરીએ છીએ ત્યારે માંડ પેટપુરણ અનાજ મળે છે. પહેરવાને પુરાં લુગડાંએ નથી, અને છે તે પહેરવા લાયક નથી. તમોને અમારી હાડમારી અને મુશ્કેલીનો ખ્યાલ બીલકુલ આવી શકે તેમ નથી. આ બધી વાતો સાંભળી હું બહુ જ નિરાશ થયો અને સાચું સુખ કયું અને કયાં છે તે વિચારવા એક એકાંત જગ્યામાં ગયો. જો સત્તા, લક્ષ્મી, વિદ્વત્તા અને મોભો, સુખ ન આપી શકે તો પછી સુખ શોધવું શેમાં? એવી કઇ વસ્તુ છે જે આ બધાને ચઢી જાય? હું આમ વિચાર કરતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૨૬૪ થી શરૂ )

**અનુવાદક—વિઠ્ઠલદાસ એમ. શાહ.**

ભૌતિક વિજ્ઞાનમાં પૂર્વાકર્ષણ શક્તિ એક પારિભાષિક શબ્દ છે. જો કે શક્તિ-રાશિ સંચિત થાય છે તો પણ તેનામાં પ્રવાહ નથી હોતો. ચુંબકની સાથે સંબંધ થાય પછી જ પૂર્વાકર્ષણ શક્તિદ્વારા વિદ્યુત પ્રવાહ થવા લાગે છે. એવી જ રીતે માનસિક શક્તિ કે જે જૂદા જૂદા અનાવશ્યક સાંસારિક વિષયોમાં વિચ્છિન્ન થાય છે, તેને આધ્યાત્મિક પ્રયોજનમાં ઉચિત માર્ગે પ્રવાહિત કરવી જોઇએ.

જો દર્પણ સ્વચ્છ નથી હોતું તો તેમાં મુખાકૃતિ સ્પષ્ટ નથી દેખાતી. એવી રીતે જો મનરૂપી દર્પણ કામ, ક્રોધ વગેરે છ વિકારોના મળથી મલિન હોય છે તો મનમાં બ્રહ્મનું પ્રતિબિંબ નથી દેખાતું. જ્યારે તે પુરેપુરૂં સ્વચ્છ, સાત્વિક થઇ જાય છે ત્યારે તેનામાં બ્રહ્માનુભવની યોગ્યતા આવે છે.

જેવી રીતે જૂદા જૂદા પ્રકારના વિચારો માટે મગજમાં જૂદા જૂદા વિભાગ હોય છે તેવી રીતે માનસિક શરીરમાં જૂદા જૂદા કટિબન્ધ હોય છે.

મનને વશ કરવા માટે સાત પ્રકારના પ્રયત્ન કરવા પડશે.

(૧) કામના, વાસના અને તૃષ્ણાથી અલગ રહેવું પડશે.

(૨) ભાવનાઓને વશીભૂત કરવી પડશે તથા ક્રોધ અને બેચેનીથી બચવા માટે મનોરાગને દબાવવો પડશે.

---

બેઠો હતો એટલામાં મેં અંતરીક્ષથી એક અવાજ સાંભળ્યો. બેટા તું નિરાશ થા નહિં. તેં સાચું સુખ શોધવાનો પ્રયત્ન કર્યો, પણ દરેક ઠેકાણે તું હતાશ થયો; કારણ કે તારો પુરૂષાર્થ અવળી દિશામાં હતો. લોકો ભલે લક્ષ્મી, સત્તા, વૈભવ કે એવી વસ્તુઓમાં સુખ નિહાળે પણ તું જરૂર માનજે કે જે સાચું સુખ આપે છે તે વસ્તુ તો તદ્દન જૂદી જ છે. તે દિવ્ય વસ્તુ છે સંતોષ. જે માણસ પોતે મૂકાયેલ સ્થિતિમાં આનંદ માને અને પોતાની ફરજ આનંદ કે શોક વિના કર્યા કરે એ જ ખરો સુખી "કરી છુટ" શબ્દોનો જાપ અને તદનુસાર વર્તનજ ખરૂં સુખ આપી શકે છે. આ મારી શોધ છે. જગતને ઉપયોગ કરવો હોય તો કરે અને સાચું સુખ મેળવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) સ્વયં મનનો નિરોધ કરવો પડશે, જેથી વિચારો શાંત અને સ્થિર રહી શકે.

(૪) મનદ્વારા સ્નાયુયો પર અધિકાર જમાવવો પડશે, જેથી કરીને તેઓ યથાસંભવ ઓછામાં ઓછા ઉત્તેજિત થાય.

(૫) અભિમાન છોડવું પડશે. અભિમાન મનને દૃઢ કરે છે, તે મનનું બીજ છે. જ્યારે આપણે નિરભિમાન થઇ જશું ત્યારે બીજાની આલોચનાઓ, નિંદા અને તિરસ્કારનો આપણા ઉપર જરા પણ પ્રભાવ નહિ પડે.

(૬) નિષ્ઠુરતાવડે આપણી સમસ્ત આસક્તિઓને નષ્ટ કરી દેવી પડશે.

(૭) સમસ્ત અભિલાષાઓનો ત્યાગ કરવો પડશે.

ક્ષમા, ધૈર્ય, સંતોષ, દયા, વિશ્વપ્રેમ, ઉદાસીનતા તથા નિરભિમાનતાના અભ્યાસદ્વારા આપણે અશુભ ભાવનાઓને દૂર કરી શકીએ છીએ. અશુભ વાસનાઓની નિવૃતિ થયા પછી પણ અસંતોષની સૂક્ષ્મક્રિયા બચી જાય છે. એ નજીવી અડચણને દૂર કરવી જોઇએ, કેમકે યોગયુકત થવાની ઇચ્છા કરનાર પુરૂષ માટે એ મહાન્ દોષ છે.

બુદ્ધિ ક્રોધરૂપી વાદળાંથી આચ્છાદિત થઇ જાય છે. જ્યારે તમે ક્રોધ કરવાના વિચારને પણ ભૂલી જાઓ છો ત્યારે પણ ક્રોધ તમારા મનમાં ઉતરી રહ્યો હોય છે. તેનો પ્રભાવ કેટલોક વખત રહે છે. રોષાત્મક વિચારોનું વારંવાર ચિંતન કરવાથી દ્વેષની માત્રા વધી જાય છે. વારંવાર ક્રોધથી ખરાબ વિચાર પણ વધીને દ્વેષમાં પરિણમે છે. જ્યારે મન અત્યંત ક્ષુબ્ધ હોય છે ત્યારે આપણે કોઇ પુસ્તકનું અવતરણ સ્પષ્ટ સમજી શકતા નથી, આપણે સ્પષ્ટરીતે વિચાર કરી શકતા નથી, શાંતચિત્તે પત્ર નથી લખી શકતા. ક્રોધ મગજને, સ્નાયુયોને અને લોહીને દૂષિત કરી મૂકે છે.

પક્ષપાત મગજ તથા મનને નિશ્ચેષ્ટ બનાવી દે છે. પક્ષપાતી મનુષ્ય વાસ્તવિકરૂપે ચિંતન નથી કરી શકતો. પક્ષપાત મનુષ્યના ભાતિક શરીર ઉપર વ્રણની જેવો છે. જેનાથી મનુષ્યની ઇચ્છાશક્તિ દ્રવિત થઇને ઘટતી જાય છે. તમારા વિચાર ઉદાર રાખો. પ્રત્યેક દર્શન અને પ્રત્યેક ધર્મને માટે તમારા હ્રદયમાં સ્થાન રાખો. મનુષ્યની યોગ્યતા, સ્વભાવ તથા વિકાસાવસ્થા પ્રમાણે કોઈપણ દેશમાં કોઇપણ ધર્મ અનુકૂળ હોય છે. બધા સંપ્રદાય તથા સમાજ પોતપોતાને ઉપયોગી ઉદ્દેશ લઈને કામ કરે છે. પક્ષપાત કેવળ યુક્તિવગરની તુચ્છતા છે. તેને પ્રયત્ન અને શુદ્ધ વિચારવડે દૂર કરવો જોઇએ.

તમારા માનસક્ષેત્રને શુદ્ધ કરો, પ્રિયપાત્રને પધરાવવા માટે આસન તૈયાર કરો. ઇહલૌકિક વિચારોને હઠાવી દો કે જેથી તમારૂં માનસક્ષેત્ર પ્રભુના સિંહાસનને યોગ્ય બની શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજારો કામનાઓએ તમારા હૃદયને ખાઇ બનાવી છે, લાખો અભિલાષાઓ અને ઉદ્દેશ્ય ભરેલા છે. જ્યાં સુધી પ્રભુનાં રાજ્ય (તમારૂં હૃદય) માંથી એને દૂર નહિ કરો ત્યાં સુધી તેને બેસાડવાને તમે સ્થાન કેવી રીતે તૈયાર કરી શકશો. ?

આપણે સ્ત્રી, પુત્ર, ધનનો ત્યાગ કરી શકીએ છીએ, પરંતુ અભિલાષા, નામ તથા યશનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે. યશની અભિલાષા યોગમાં મહાન્ વિઘ્નરૂપ છે. એ માયાનું એક અત્યંત જબરજસ્ત અસ્ત્ર છે, જે વડે તે સાંસારિક પુરૂષોનો નાશ કરે છે.

યોગી પુરૂષ આત્મસંયમ અને આત્મશાસનદ્વારા એક જ વખતે બે સ્થાનોમાં કામ કરતા શીખે છે, અર્થાત એવે સમયે તે પોતાના શરીરમાંથી નીકળીને ભૌતિક ક્ષેત્રમાં કામ કરે છે. એટલા માટે લખતી અથવા વાતચીત કરતી વખતે પોતાનાં સૂક્ષ્મ શરીરવડે બીજું જ કામ કરે છે. યોગીની આવી વાત છે તો પછી પૂર્ણ જ્ઞાનીની શી વાત કરવી? કે જે પોતાના સ્વરૂપમાં સ્થિત હોય છે. તે બ્રહ્મદૃષ્ટિમાં રત હોવાથી પોતાના મન તથા શરીરને યંત્રવત્ વ્યવહાર કરતી વખતે કામમાં લગાડે છે. તેને વિવિધ ચેતના પ્રાપ્ત થયેલી છે. તેને (બ્રહ્મભાવના) પરમાર્થની સાથોસાથ જગતભાવના (વ્યવહાર) નું પણ જ્ઞાન રહે છે. જગતને તે પોતાની અંદર સ્વપ્ન સમાન દેખે છે. તેજ તેનું સ્વરૂપ લક્ષણ છે. પ્રત્યેક મનમાં શું ચાલી રહ્યું છે તે તે જાણે છે. જ્ઞાની પુરૂષ હમેશાં સમાધિમાં રહે છે.

સુપ્ત દશામાં મન સૂક્ષ્માવસ્થામાં રહે છે, વૃત્તિઓ પણ સૂક્ષ્માવસ્થા પ્રાપ્ત કરે છે.

ભાષાઓ જૂદી જૂદી હોય છે, પરંતુ વિચાર એક જ હોય છે. સર્વ મનુષ્યોમાં માનસિક આકૃતિ એક જ પ્રકારની હોય છે. વાણી (ધ્વનિ) ના ચાર રૂપ અથવા ભાવ હોય છે. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી. સાધારણ વાતચીત (ભાષા) ને વૈખરી કહે છે. તે જૂદા જૂદા દેશોમાં જૂદી જૂદી જાતની હોય છે, પરંતુ પરા, પશ્યન્તી અને મધ્યમા સર્વત્ર એક અને સામાન રૂપે જ હોય છે. ખરા અભેદવાણી (ધ્વનિ) છે જે બ્રહ્મમાં સુતેલી રહે છે. દેવતાઓની ભાષા, માનસિક ભૂમિની ભાષા એક હોય છે તેને મધ્યમા કહે છે. કારણ શરીરનું ચક્રાકાર કંપન પશ્યન્તી કહેવાય છે. એ જ તમારૂં યથાર્થ નામ છે. જ્યારે તમે તમારા કારણ શરીરદ્વારા ક્રિયાશીલ બનો છો, જ્યારે તમે અંતર્દૃષ્ટિથી કારણ શરીરને જુઓ છો ત્યારે તમે પશ્યન્તી ધ્વનિ (વાણી), જે તમારૂં વાસ્તવિક નામ છે, તે સાંભળી શકો છો.

ઐન્દ્રિય વિષયો તથા સાંસારિક વાસનાઓથી અસંતોષ થવાથી આત્મજ્ઞાનની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે ઉત્કટ ઇચ્છામાંથી અમૂર્ત ભાવના આવે છે, અને અમૂર્ત ભાવનાથી મન એકાગ્ર થાય છે. ચિત્તની એકાગ્રતાથી ધ્યાન થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને ધ્યાનથી સમાધિ (અર્થાત્ આત્માનુભવ) ની પ્રાપ્તિ થાય છે. (વૈરાગ્ય) વગર કશું પણ સંભવિત નથી.

રાજયોગી ત્રિકુટી–અગ્નિચક્રમાં મનને જમાવે છે, જે જાગદવસ્થામાં મનને રહેવાનું સ્થાન છે. જો માણસ મનને એ દેશમાં એકાગ્ર કરે છે તો મનને સ્હેલાઇથી વશ કરી શકે છે. અભ્યાસ કરવાથી તો એટલુ ઝડપથી એ થાય છે કે એક દિવસના જ અભ્યાસથી કેટલાક મનુષ્યોને એ દેશમાં પ્રકાશ દેખાય છે. જે વિરાટનું ધ્યાન કરવા ઇચ્છે છે તથા જે સંસારને સહાયતા કરવા ઇચ્છે છે તેણે મનની એકાગ્રતા માટે એ દેશને શોધવો જોઇયે. ભક્ત અથવા સાધક પુરૂષે હૃદયમાં મનને જમાવવું જોઇએ. તે માણસ હૃદયમાં મનને કેન્દ્રીભુત કરે છે તેને અપાર આનંદ પ્રાપ્ત થાય છે. જે સ્વયમેવ કંઇપણ પ્રાપ્ત કરવાની અભિલાષા કરે છે તેણે હૃદયમાં જ મનને એકાગ્ર કરવું જોઇએ.

નિર્ગુણ ધ્યાનમાં અથવા તો ત્રિકુટીમાં અથવા સહસ્ર પદ્મમાં મનને કેન્દ્રીભૂત કરવું જોઇયે. વેદાન્તી પણ હૃદયમાં જ મનને એકાગ્ર કરે છે.

જેવી રીતે ભાતિક શરીર જૂદા જૂદા પદાર્થોનું બનેલું છે, તેવી જ રીતે મન પણ જૂદા જૂદા સૂક્ષ્મ દ્રવ્યોનું બનેલું છે.

વૃત્તિઓ અર્થાત્ મનના આકાર અવિદ્યાનું કાર્ય છે. જ્યારે જ્ઞાનદ્વારા અવિદ્યાનો નાશ થાય છે ત્યારે વૃત્તિઓ બ્રહ્મમાં લય થઇ જાય છે, જેમ બળતી કડાઇમાં જળ નાખવાથી તે કડાઇમાં જ સુકાઇ જાય છે તેમ. સિદ્ધિઓના નિદર્શનના એક જ આઘાતથી આખું બાહ્ય અનુભવાત્મક જગત્ એકી સાથે જ અવસાનને પ્રાપ્ત કરે છે અને આ જગત પુરૂષને પૂર્ણરૂપે છોડી દે છે.

અવિદ્યાનું સ્થાન મનુષ્યના મનમાં રહે છે. પ્રત્યય–શક્તિના સ્વભાવ પ્રમાણે જ આનુભવિક જ્ઞાનની વ્યાખ્યા થઇ શકે છે. આવદ્યા નૈસર્ગિક હોય છે, જે આપણી માનસિક ક્રિયાઓમાં અંતર્હિત થાય છે. તે મિથ્યાજ્ઞાન પર અવલંબિત હોય છે. જ્ઞાન એક માનસિક પરિણામ છે. તે નિત્ય પ્રત્યયરૂપ હોય છે અને મિથ્યાજ્ઞાનના રૂપમાં રહે છે.

બધા અનુભવ દ્વૈત રૂપ હોય છે, જે પ્રમાતા અને પ્રમેયથી બનેલી કેવળ કલ્પનાઓ છે. મનથી જૂદી અવિદ્યા કોઇ વસ્તુ નથી. મનોનાશની સાથે સઘળું નષ્ટ થઇ જાય છે. મનની ક્રિયાઓથી જ આખું દ્રશ્ય ઉપસ્થિત થાય છે.

અવિદ્યા ઉપાધિઓ દ્વારા કામ કરે છે. અવિદ્યા દ્વારા બધી મુખ્ય મુખ્ય સામગ્રીઓથી આત્માની ઉપાધિની રચના થાય છે. મન એક ઉપાધિ છે, બુદ્ધિ એક ઉપાધિ છે અને અહંકાર પણ એક ઉપાધિ છે. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૈતિક સંસ્કાર.

કોઇ પણ મનુષ્યનું ચરિત્ર-બળને તેના સાધારણ વ્યવહારથી માપવું જોઈએ.

કોઇ મનુષ્યે એવો ન વિચાર કરવો કે માનસિક સંસ્કાર નૈતિક સંસ્કારનું સ્થાન લઇ શકે છે. એમ કહેવામાં આવે છે કે સંસ્કૃત મનવાળો એક મનુષ્ય અવશ્ય નીતિયુક્ત થાય છે, અને એ વાત પણ ખરોખર છે, કેમકે, જે માનસિક સંસ્કાર મનુષ્યના જીવન અને વ્યવહારમાં પ્રવેશ નથી કરતાં તેને સંસ્કારનું નામ કઠિનતાથી દઇ શકવામાં આવે છે. જ્યાં સુધી સંસ્કાર કોઇ મનુષ્યના પ્રત્યેક કામને ચરિત્રને ઉચ્ચાદર્શોની અનુસાર નથી બનાવતા ત્યાં સુધી તે ઉપર ને ઉપર રહે છે; પરંતુ ધ્યેય સુધી નથી પહોંચતા, પણ એવી રીતે સંસ્કાર ઝોલની જેમ ઉપર રહે છે પરંતુ જીવનના અંશ બનતા નથી. આંગ્લકવિ એમરસન કહે છે કે—" કેવળ તે મનુષ્ય ઠીક છે કે જેમનો ઇરાદો શુભ છે." સંસ્કારનો ઉદ્દેશ્ય તેનો નાશ કરતો નથી, પરંતુ તેની સઘળી ત્રુટીયોને દૂર કરી કેવળ શુદ્ધશક્તિને રહેવા દે છે.

આપણે તો સઘળા સંસ્કાર પ્રગટ થવા જોઇએ. તે ગુપ્ત અથવા અપ્રગટ ન રહેવા જોઇએ. એક સુંદર, સુગઠિત અને સ્વસ્થ શરીરદ્વારા શારીરિક સંસ્કાર પ્રકટ થવા જોઇએ, માનસિક સંસ્કાર મનુષ્યના મનથી પ્રકટ થાય છે, અને તેના મનની છાપ તેના પ્રત્યેક કામ, વાત અને લેખ પર લાગી રહે છે. સંસ્કારી મનુષ્ય પોતે પોતાને સંતાડી શકતો નથી, કદાચ તે એમ પણ કરવા ધારે તો પોતાના મનની શ્રેષ્ઠતા અને સંસ્કારને છુપાવી ન શકે, કારણ કે બીજા સર્વ સંસ્કૃત મનોવડે અધ્યયન, તથા સત્સંગદ્વારા તેનો મેળ મળે છે, તેથી તે અવશ્ય જ પ્રકટ થાય છે. જ્યારે આપણે એવા મનુષ્યની સામે આવીયે છીયે ત્યારે આપણા હૃદયમાં કોઇ એવો પ્રકાશ ઉત્પન્ન થાય છે કે જ્યારે તેમના તરફથી સમસ્ત શ્રેષ્ઠ વાતોની યાદ દેવામાં આવે છે ત્યારે આપણે તે પુસ્તકો માંથી ગૃહણ કરેલી તે હોય છે એમ જણાય છે. નૈતિક સંસ્કાર મનુષ્યના વ્યવહાર અને નાના-મોટા કાર્યો તક પ્રગટ થાય છે.

મનુષ્યની દૃષ્ટિથી, તેના સહસા તથા અજાણપણામાં કરેલા કામો તથા વ્યવહારથી, તેના ચેહેરાની દરેક આકૃતિથી તેના અવાજથી, તેમજ તેની તમામ ચાલચલગતથી તેના નૈતિક સંસ્કાર જાહેર થાય છે.

એમરસને કહ્યું છે કે—" પ્રકૃતિ પ્રત્યેક રહસ્યને એક વાર પ્રકટ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ મનુષ્યને તે હર સમય તેની ચાલચલગત, વ્યવહાર, મુખ તથા મુખવડે પ્રત્યેક અંગની આકૃતિ અને સમસ્ત શરીરના હાવભાવ તથા કામોથી પ્રકટ કરતી રહે છે. આ મનુષ્ય નીતિયુક્ત છે ? એ પૂછવાની જરૂર નથી, કેમકે જ્યારે આપણે તેના સમ્પર્કમાં આવીએ છીએ ત્યારે જાણી જઇએ છીએ કે તે કેવો છે ?

નૈતિક સંસ્કારયુક્ત વ્યક્તિની પાસે આપણે એક શક્તિનો અનુભવ કરીએ છીએ અને તેના નૈતિક સંસ્કાર આપણને તેમના તરફ ખેંચે છે. નૈતિક સંસ્કાર આપણને ગાંભીર્ય અને પ્રભુત્વનું પ્રદાન કરે છે. કોઇ પણ મનુષ્ય ( પુરૂષ કે સ્ત્રી ) શારીરિક રૂપથી હૃષ્ટપુષ્ટ વા સુંદર હો, અથવા તે સર્વ સમયોના મહાપુરૂષોના વિચારો ચરિત્ર અને ગ્રંથોથી પરિચિત હો, પરંતુ તે નીતિવાન કે ચારિત્રવાન ન હોય તો સંસારમાં કોઇ પણ કામનો નથી અને વ્યવહારમાં કદિ તેની કોઇ પ્રશંસા નથી કરતું પરંતુ ઉપેક્ષા કરે છે; પરંતુ નૈતિક સંસાર જેને ચારીત્રિક સંસ્કાર કહેવામાં આવે છે તે મહાન શક્તિશાળી અને ઘણે લાંબે સુધી પ્રભાવ પાડનાર હોય છે. નૈતિક સંસ્કાર મનુષ્યના સર્વ વ્યવહારો તથા સમસ્ત કામોમાં પ્રકાશમાન રહે છે, અને તેનો રંગ મનુષ્યની સર્વ ક્રીડાઓ પર ચડતો રહે છે. તે મનુષ્ય પોતાના કાર્ય કરતો રહે છે છતાં તેના સર્વ કાર્યો અને ક્રિયાની પ્રત્યેક ક્ષણ પર પોતાનો પ્રભાવ પાડે છે. તેવાં મનુષ્યનું પોતાના વ્યવહારમાં, સમાજમાં ચલન હોય છે અને નૈતિક સંસ્કારયુક્ત તે મનુષ્ય ગમે ત્યારે કઠિનતાથી સર્વ કાંઇ કહી શકે છે.

નાના કાર્યોમાં પણ નીતિયુક્ત વ્યવહાર કરવો તે નિ:સંદેહ નૈતિક સંસ્કારનું એક સારૂં ચિન્હ છે.

એક મનુષ્ય બેઇમાની કરી લેણદેણમાં પોતાના સ્વાર્થનો ખ્યાલ કરવામાં બુરૂં સમજતો નથી, એક મનુષ્ય પોતાના પાડોશીનું દેવું ન ચૂકવવું તે પોતાની આબરૂની વિરૂદ્ધ સમજે છે, એક આદમી પોતાના પાડોશી કે નજીકના સંબંધવાળાની બાબતમાં બેપરવાઇથી ગલત વાતો કહી કરી અથવા દુ:ખપ્રદ વિચાર પ્રકટ કરી તેના નામ પર ધબ્બા ( આળ ) ચડાવે છે, એક મનુષ્ય પાડોશી અથવા મિત્રની કોઇ બાબતમાં તેની અનુપ સ્થિતિમાં કોઇ સભા-સોસાયટીમાં સાચી-ખોટી વાતો કરી તેઓને બદનામ કરતાં પણ શરમાતો નથી, એક આદમી કદાચ કોઇ જીવને દુ:ખ દેવામાં બુરૂં સમજે છે પરંતુ હાંસી-મશ્કરીમાં તે મનુષ્ય કોઇ કોઇ વખત વાક્પ્રહાર કરી બેસે છે કે જે અત્યંત દુ:ખ દેવાવાળું બને છે કે જે કોઇ વખત ભૂલી જઇ શકાતું નથી. કહેવાનો અભિપ્રાય એ છે કે તેવી નાની નાની દરેક વાતોમાં પણ નૈતિક સંસ્કારની આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનામાં નાના કામોમાં પણ આપણે તેનું ધ્યાન રાખવું જોઈએ. કોઈપણ સ્ત્રી યા પુરૂષ પોતે જાતે નૈતિક જીવન ભલે વ્યતીત ન કરતો હોય છતાં તે એક નીતિવાન્ તથા ચારિત્રશીલ મનુષ્યનું સન્માન તથા પ્રશંસા તો કરશે જ. એક નીતિવાન્ મનુષ્ય જનતાના હિત તથા રક્ષામાં હર સમય લાગ્યો રહે છે, તે સર્વની રક્ષા કરવા ચાહે છે; અને તે માટે યથાશક્તિ પ્રયત્ન કરતો રહે છે.

ગમે તે આદમી પોતાની જબાનથી ઉપદેશાર્થ એક શબ્દ પણ ન કાઢે તો પણ તેની ઉપસ્થિતિ જનતાના હૃદયમાં ન્યાય, સત્યતા, પવિત્રતા, સૌન્દર્ય, સુખ, તથા શાંતિ તથા પ્રેમની નિર્મળતાને તો નિરંતર જાગૃત કરતી રહે છે. તેના હૃદયમાં કોઈના પણ અહિતનો ભાવ હોતો નથી. "એવો મનુષ્ય સમાજનું અંતઃકરણ છે." તે ઉચિત, અનુચિત તથા નીતિપૂર્ણ તથા અનીતિપૂર્ણ વાતોનો બોધ કરતો રહે છે; તે સાથે સમાજ કે રાષ્ટ્રને માટે યોગ્ય માર્ગ કયો છે તે બતાવે છે. વળી મનુષ્યનું અંતઃકરણ નઠારા કામ કરવામાંથી રોકી અને સારા કાર્યો કરવાની પ્રેરણા કરતો રહે છે. આવા પ્રકારે નીતિવાન્ પુરૂષ સમાજને ચેતવણી આપતો રહે છે. એમરસન કહે છે કે "એવો પુરૂષ સૂતો છતાં પણ વાયુમંડળને પવિત્ર કરતો દેખાય છે, વળી તે દેશને, નિયમોને શક્તિપ્રદાન કરતો માલુમ પડે છે, અને તેનું ઘર પૃથ્વીની શોભા વધારતું દેખાય છે."

એવી સ્ત્રીઓ પણ ક્યાં નહોતી કે જેમની પવિત્રતા તથા પ્રેમના ઉચ્ચ ભાવોથી આપણા ઘર સર્વાંગ સુંદર ભરેલા રહેતા હતા. એવી ભદ્રા તથા સુસંસ્કૃત માતાઓના જીવનનો સુંદર પ્રભાવ સંતાનને દુનિયામાં યશસ્વી તથા પ્રતાપી બનાવતો. ઇતિહાસ—શાસ્ત્રોમાં આ વાતને સિદ્ધ કરવાવાળા ઘણા દષ્ટાંતો મળે છે. નૈતિક સંસ્કારની એવી અપૂર્વ શક્તિનું મૂળ છે કે તેવા કોઇ મનુષ્યના વિષયમાં એમ જાણીએ કે તે વ્યવહારમાં આવશ્યક તથા ઉપયોગી છે. તે મનુષ્ય ભારે સન્માનીય છે, તેની વાર્તા સત્યમાની જાય છે, અને તેમના કાર્યો પણ યોગ્ય મનાય છે, તે તેમનો મ્હોટો આદર છે. ઉપરોક્ત તમામ સદ્ગુણોથી પુરૂષ અથવા સ્ત્રી નૈતિક સંસ્કારયુક્ત બને છે. બીજા શબ્દોમાં કહીએ તો તેનાથી મનુષ્ય વ્યક્તિત્વયુક્ત અથવા પ્રભાવશાળી બને છે.

(અ૦ ગાંધી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્‌બોધ

(સ્વ. આચાર્ય શ્રીઅજિતસાગરસૂરિ.)

ઇંદ્રવિજય છંદ.

ધ્યાન ધર્યું પરમેશ્વરનું, પછી અન્યનું ધ્યાન ધરો ન ધરો;
પાન કર્યું પ્રભુ પ્રેમ પીયુષનું, અન્યનું પાન કરો ન કરો;
છે સમર્યા જગનાયક તો પછી, અન્ય સ્વરૂપ સ્મરો ન સ્મરો;
જો જગનાથ વર્યા ઘટમાં પછી, અન્ય મહાન વરો ન વરો. ।૧।
વૃત્તિ હઠે અપમાર્ગ થકી પછી, અન્યથી વૃત્તિ હઠો ન હઠો;
તેજ ઘટયું નરવીર્યતણું પછી, અન્યનું તેજ ઘટો ન ઘટો;
યુદ્ધ લડ્યા મન સાથ પછી નર! અન્યની સાથ લડો ન લડો;
જ્ઞાનનું યાન મલ્યું ચડ્યા પછી, અન્ય સુયાન ચ્હડો ન ચ્હડો. ।૨।
વિશ્વ સમુદ્ર તર્યા કદિ તો પછી, અન્ય સમુદ્ર તરો ન તરો;
શાસ્ત્રનું જ્ઞાન ભર્યું ઘટમાં પછી, અન્યનું જ્ઞાન ભરો ન ભરો;
અજ્ઞપણું હર્યું જો દિલનું પછી, કાયિક શત્રુ હરો ન હરો;
જીવન મુક્ત થયા યદિ તો પછી, ભૌતિક દેહ મરો ન મરો. ।૩।
સત્યતણી પડી ટેવ જીભે પછી, અન્યની ટેવ પડી ન પડી;
નાથતણાં વિરહે રડી આંખડી, તો પછી અન્ય રડી ન રડી;
આત્મસ્વરૂપની મૂર્તિ ઘડી પછી, અન્યની મૂર્તિ ઘડી ન ઘડી;
બ્રહ્મ ખુમારી ચ્હઢી મનને પછી, અન્ય ખુમારી ચ્હઢી ન ચ્હઢી. ।૪।
આત્મનું દાન દીધું યદિ તો પછી, અન્યનું દાન દીધું ન દીધું;
જો મનડું નિજ સ્વાધીન તો પછી, સ્વાધીન અન્ય કીધું ન કીધું;
નામ લીધું જગદીશ્વરનું પછી, અન્યનું નામ લીધું ન લીધું;
માનવજન્મનું ટાણું સીધ્યું પછી, અન્ય સુટાણું સીધ્યું ન સીધ્યું. ।૫।

(૨)

**સવૈયા.**

પાપકર્મમાં ખેલ કરીને, પાછળથી પસ્તાતા નહિ,
ખુટ્ટલ જનનો સંગ કરીને, યમના ખત્તા ખાતા નહિ;
શ્રી ઇશ્વરના અફલ માર્ગમાં, જાતાં કદિ અચકાતા નહિ,
પોતે વિષજળ પી–વસુધામાં, અન્ય લોકને પાતા નહિ. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજનના દિલડાંને દુભાવી, હૈડામાં હરખાતા નહિ,
શાંતિ નામનું સ્મરણ કરતાં, શાણા જન! શરમાતા નહિ;
ભગવત પંથ ભૂલાવે પાપી, તે વાટે ભરમાતા નહિ,
નિર્દય લોકતણા મંડલમાં, થનથન થનથન થાતા નહિ. ॥ ૨ ॥

ચતુરાઇ ચંચળ દુનિયાની, અંતરમાં કદિ ચ્હાતા નહિ,
ગુણીયલ પ્રભુનું ગાન તજીને, વિષયગાન કદિ ગાતા નહિ;
નદી ગંગાનું સ્નાન મૂકીને, ગટર વારિમાં ન્હાતા નહિ,
અલબેલાની પ્રેમકુંજમાં, જાતા કંઇ ચમકાતા નહિ. ॥ ૩ ॥

સત્શાસ્ત્રોનું જ્ઞાનતજીને, કલ્પિત મતને સ્હતા નહિ,
ધરણીધરનું ધ્યાન તજીને, અન્ધ ધન્ધમાં ધાતા નહિ;
સપ્ત સ્વરભર અનહદ મુરલી, ભર અરણ્યમાં વ્હાતા નહિ,
અન્ય નારીમાં મોહ કરીને, મદમાતા કદિ થાતા નહિ. ॥ ૪ ॥

સત્ય વાકય તજી વ્યર્થ જાળમાં, પડવા કદિયે જાતા નહિ,
સંતપુરૂષનો સંગ તજીને, પાપી વિષે પથરાતા નહિ;
પાત્ર કુપાત્રનું ભાન ભૂલીને, જ્યાં ત્યાં થાતા દાતા નહિ,
સત્ ચિત ઘન ઇશ્વરપદ ત્યાગી, અત્રતત્ર અથડાતા નહિ. ॥ ૫ ॥

## "જૈન દર્શન અને ઇતર દર્શનોનો તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્ર સંબંધી મુકાબલો."

જૈન દર્શન સંપૂર્ણ નયગર્ભિત હોવાથી પ્રમાણરૂપ તત્ત્વજ્ઞાનરૂપ છે, અને ઈતર દર્શનો કોઇએક નયનો નિર્દેશ કરી વિરમતા હોવાથી તેના એક અંશરૂપ વિજ્ઞાનરૂપ લેખાય. સમુદ્રમાં સર્વ નદીઓ સમાઇ શકે પણ કોઇએક નદીમાં સમુદ્ર શી રીતે સમાય? તેથી પંડિતજી ઉક્ત ગ્રંથમાં છેવટે જણાવે છે કે—"જૈન શાસ્ત્રોમાં સઘળા શાસ્ત્રો દેખાય છે અને ઈતર શાસ્ત્રોમાં તેની ભજના એટલે જૈનશાસ્ત્ર હોય કે ન હો અથવા વિભાગથી હોય" એમાં જરાયે અતિશયોક્તિ નથી, તેમજ તેમાં નવીનતા નથી, કોઇ દૈવી ચમત્કાર નથી, તેમાં કાંઇ આશ્ચર્યકારક ઘટના પણ નથી. કારણ સાદુ અને સહજ જ છે કે જૈન દર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વજ્ઞાનશાસ્ત્ર છે અને ઇતર દર્શનો વિજ્ઞાનશાસ્ત્રો છે; એટલે એ બન્નેને વ્યાપ્ય વ્યાપક ભાવ હોય જ એ સ્વાભાવિક છે. ઇત્યાદિક ઉલ્લેખ પૃષ્ઠ ૧૭૩ સુધીમાં છે. પૃષ્ઠ ૧૪૪ માં પોતે મધ્યસ્થભાવે જણાવે છે કે—" યોગ્ય પાત્રોને શાસ્ત્ર–રહસ્યો ન આપનાર અને અયોગ્ય પાત્રોને રહસ્યો આપનાર એ બંનેય આચાર્યો પ્રાયશ્ચિતના ભાગી છે. " શંકરાચાર્ય જેવી સમર્થ વિદ્વાન વ્યક્તિને પણ જૈન દર્શન જાણવાની બરાબર સગવડ ન મળવાથી જૈનોને અમાન્ય વસ્તુઓ પણ પોતે માન્ય તરીકે લખી નાખી છે ને પછી તેનું ખંડન કરવા તત્પર થયા છે. નજીવી ને સામાન્ય બાબતોમાં ભૂલ ખાધી છે તેનું કારણ તેમને વસ્તુ સ્થિતિ જાણવાની સગવડ જ ન મળી શકી હોય એમ લાગે છે.

( સંગ્રહિત. )

## વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની સંક્ષિપ્ત વ્યાખ્યા તેની ધર્માચરણથીજ સાર્થકતા.

જૂદા જૂદા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિષે વિસ્તારપૂર્વક વિગતવાર હકીકતો એકઠી કરી સિદ્ધાન્તો નક્કી કરનાર શાસ્ત્રો **વિજ્ઞાન**રૂપ કહેવાય છે, અને તે સમગ્ર વિજ્ઞાનોનું એકીકરણ કરી પરસ્પર સંબંધો નક્કી કરી આખા વિશ્વની ઘટનાઓ સાથે પરસ્પરનો મેળ બેસાડી આપનાર **શાસ્ત્ર–તત્ત્વજ્ઞાન** કહેવાય છે. બંને વચ્ચેનો આ ભેદ બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ધર્મ-જ્ઞાન એટલે અધ્યાત્મ–શાસ્ત્ર. એ તત્ત્વજ્ઞાન શાસ્ત્રનું એક મોટું અંગ છે પણ ધર્માચરણનું તત્ત્વજ્ઞાન એ પેટા અંગ છે. ધર્મજ્ઞાન સમજીએ તો ધર્મનું અને અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન વચ્ચે આવી જાય છે, પરંતુ ધર્મના આચરણ પ્રસંગે તત્ત્વજ્ઞાન માત્ર સ્થિરતા અને પ્રગતિ માટે ઉપયોગી થાય છે; તેથી તે ધર્માચ-રણનું એક અંગ બને છે. તત્ત્વજ્ઞાનના સારનો અમલ કરવા ધર્માચરણ જ ઉપયોગી છે.

ધર્મ એ મહાન્ પ્રગતિમાર્ગમાં પ્રયાણરૂપ ક્રિયાત્મક એક વસ્તુ છે કે જે જગતમાં સર્વ શ્રેષ્ઠ વસ્તુ છે. અને તત્ત્વજ્ઞાન માત્ર જ્ઞાનસ્વરૂપ છે, જે સર્વ જ્ઞાનોમાં શ્રેષ્ઠ છે; પરંતુ ધર્માચરણથી તેનો બીજો નંબર છે. યોગશાસ્ત્રવાંચવા માત્રથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, તેવી જ રીતે અધ્યાત્મશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાન-શાસ્ત્ર જાણુવા માત્રથી ધર્મ વિષે સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી. તત્વજ્ઞાન અને ધર્મની અત્યંત નજદીકનું આધ્યાત્મશાસ્ત્ર જીંદગીભર વિચાર્યા કરે તોપણ ધર્માચરણુથી થતો જીવનાવકાસ તેથી થવાનો સંભવ નથી. તત્ત્વજ્ઞાન વિચારનારને કોઇ ને કોઇ વખત ધર્માચરણ કરવું જ પડશે.

( પં. પ્રભુદાસકૃત જીવનવિકાસ અને વિશ્વાવલોકનમાંથી સંગ્રહ. )

# શ્રી પવિત્ર સૌરીપુરી તીર્થકેસ.

બીજા આપણા તીર્થોની જેમ આ પવિત્ર તીર્થમાં પણ દિગંબરીઓએ પોતાનો હક્ક ( તે તીર્થ ઉપર ) નહિ છતાં દખલગીરી કરી પોતાનો હક્ક સાબીત કરવા માટે ઝઘડો ઉભો કર્યો છે અત્યારે તે કેસ આગ્રાની કોર્ટમાં આપણી અને તેઓની વચ્ચે ચાલે છે. આ કેસમાં હિંદના મુખ્ય શહેરોમાંથી અગ્રેસર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની આ તીર્થ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું જ છે, તે માટે સાક્ષીઓ કમીશનદ્વારા લેવાનો ઠરાવ થતાં ગુજરાત–કાઠીયાવાડ માટે સાક્ષીઓ લેવા અમદાવાદ શહેરમાં બંને પક્ષકારો, કમીશનર અને બંને બાજુના વકીલો સહતિ તે કમીશન થોડા માસ ઉપર આવ્યું હતું, જે વખતે મુંબઇ અને અમદાવાદના અમુક સાક્ષીઓ લેવાયા હતા. કાઠીયાવાડમાંથી ભાવનગરનિવાસી શેઠ શ્રીયુત કુંવરજી આણંદજી અને અમારી બેની સાક્ષીઓ લેવાની હતી, દરમ્યાન અમો બંને અમદાવાદ ગયા હતાં. બીજા સાક્ષીઓ લેવાયા બાદ કમીશનરને ઘેરથી માંદગીનો તાર આવવાથી ફરી આવવાનું નક્કી થતાં કમીશન આગ્રા પાછું ગયું હતું. હવે તે કમીશન ફરી અત્રે અમારી જુબાની લેવા આવ્યું નહિં જેથી આ કેસને અંગે તે તીર્થ દિગંબરીઓનું કેમ નથી? તેનો હક્ક કેમ નથી? તે દિગંબરી અને શ્વેતાંબરી આમ્નાયના નીચેના ગ્રંથોથી માલમ પડે તેમ છે જેથી તે જાહેરમાં મૂકવાની જરૂરીયાત હોવાથી આ નીચે હું પ્રગટ કરૂં છું.

૧ પ્રથમ તો દિગંબરો શ્રી નેમનાથ પ્રભુનો જન્મ સૌરીપુરીમાં થયો માનતા નથી પરંતુ દ્વારકાપુરીમાં થયો માને છે, જેથી તેમનું સૌરીપુરી તીર્થ હોઇ શકે જ નહિં, તે તેમના નીચેના ગ્રંથોથી પ્રમાણભૂત થાય છે.

૧ શ્રી ગુણભદ્રાચાર્યરચિત મહા પુરાણાંતર્ગત ઉત્તરપુરાણ. અનુવાદક અને પ્રકાશક આગરાનિવાસી પંડિત લાલારામ જૈન. પર્વ ૭૧ “ ઇંદ્રની આજ્ઞાથી એક નગરી બનાવી તેનું નામ દ્વારામતી રાખ્યું. ત્યાં (નેમિનાથ ભગવાનનો ) જન્મ થયો. ઇંદ્ર પણ મહોત્સવ કરવા આવ્યા વગેરે ”.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ **શ્રીપ્રતિષ્ઠાસારોદ્ધાર** ગ્રંથમાં શિવાદેવીની સ્તુતિમાં સાથે દ્વારાવતીના પરમેશ્વર કહી (શ્રી નેમનાથ ભગવાનના પિતા) સમુદ્રવિજયની સ્તુતિ કરી છે.

૩ **શ્રી પ્રતિષ્ઠાપાઠ** ( શ્રી જયસેનાચાર્યરચિત ) તેરાપંથીનો ગ્રંથ છે. તેમાં "દ્વારાવતીનગરીના પતિ સમુદ્રવિજયજી રાજા કહેલ છે. આ ગ્રંથ ઘણો પ્રાચીન ગણાય છે. સિવાય **શ્રી જૈન શ્વેતાંબર ગ્રંથો** શ્રી કલ્પસૂત્રકિરણાવલી શ્રી જૈન આત્માનંદ સભાથી પ્રકટ થયેલ છે તેમાં, તથા ત્રિષષ્ઠીશલાકાપુરૂષ ચરિત્ર જેમાં શ્રી નેમનાથ ચરિત્ર વર્ણન છે ત્યાં તથા ઉપરોક્ત સભા તરફથી છપાયેલ શ્રી નેમનાથ ચરિત્ર વગેરે અનેક ગ્રંથોમાં સૌરીપુરીના સમુદ્રવિજય રાજા હતા અને શ્રી નેમિનાથ પ્રભુનો જન્મ ત્યાં જ થયેલો છે.

ઉપરોક્ત પ્રમાણો પરથી ત્યાં દિગંબરીનું તીર્થ હોઇ શકતું નથી જેથી ભૂતકાળના કેવા સંયોગમાં તેમણે ત્યાં પગડંડો જમાવી પોતાનું તીર્થ અને હક્ક માટે ખોટો ક્લેશ કરી રહ્યા છે તે આ પરથી જણાશે.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
સેક્રેટરી–શ્રી જૈન આત્માનંદ સભા.

# સ્વીકાર સમાલોચના.

**શ્રી શત્રુંજયોદ્ધારક સમરસિંહ ( ઐતિહાસિક નવલકથા )** લેખક **નાગકુમાર મકાતી.** બી. એ. એલ બી. સહતંત્રી–જૈન જ્યોતિ પ્રકાશકઃ **ધીરજલાલ ટોકરશી** જ્યોતિ કાર્યાલય–અમદાવાદ. શ્રી શત્રુંજયોદ્ધારક સમરોશાહ ઓસવાળ જે કહેવાય છે તેનું જીવનવૃતાંત સાથે તેના હસ્તે થયેલા શ્રી શત્રુંજય ઉદ્ધારની હકીકત આ બુકમાં નવલકથા તરીકે આપવામાં આવેલી છે. આ વૃતાંત કથાના રૂપમાં લેખકે સાદી અને સરલ ભાષામાં આલેખેલ છે. શિક્ષિત વર્ગના હાથે લખાયેલ આ ઐતિહાસિક કથા યોગ્ય સ્વરૂપમાં લખાય તે સ્વાભાવિક છે. કિંમત તેર આના પ્રકાશકને ત્યાંથી મળશે.

---

**શ્રી કેસરીયાનાથજી તીર્થકા ઇતિહાસઃ**—સંપાદક શેઠ **ચંદનમલજી** નાગોરી-પ્રકાશક–શ્રીસદ્‌ગુણ પ્રસારક મિત્રમંડળ છોટીસાદડી ( મારવાડ ) આ પવિત્ર તીર્થ ઉપર અત્યારે પંડયાઓનું આક્રમણ થઇ રહ્યું છે, તેટલું જ નહિં પરંતુ ચાલતા આવેલ અત્યારસુધીના વહીવટ હક્ક અને ધારાધોરણ પ્રમાણે ઉદેપુર રાજ્ય તરફથી આપણને જ્યાં યોગ્ય દાદ મળતી નથી, તેવા સંયોગમાં આ તીર્થનો ઇતિહાસ હિંદી ભાષામાં પ્રકટ થવાથી આટલી હકીકત પણ અત્યારે આપણને ઉપયોગી થઇ પડે તે સ્વાભાવિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૂદા જૂદા છવીશ ગ્રંથોની સહાયતા લઇ દશ પ્રકરણોમાં આ બુક તૈયાર કરવામાં આવી છે. મંદિર પ્રકરણ, પ્રતિમા પ્રકરણ, પાદુકા પ્રકરણ, ધ્વજાદંડ પ્રકરણ અને પૂજા પ્રકરણ વગેરેમાં બની શકે તેટલું સ્પષ્ટીકરણ આ બુકમાં કરવામાં આવ્યું છે. ગુણાનુવાદ પ્રકરણમાં શ્વેતામ્બરીય જૈન તીર્થ છે તેના પ્રમાણભૂત જૂદા જૂદા મહાપુરૂષોરચિત સ્તવનો વગેરે આપેલા છે. છેલ્લા મેવાડ રાજ્ય અને જૈન સમાજનો પરિચય આપી આ તીર્થ શ્વેતાંબરીય જૈનોનું જ છે. એમ સિદ્ધ કરી બતાવ્યું છે. લેખકનો પ્રયત્ન સમયોચિત યોગ્ય છે. કિંમત બાર આના.

# વર્તમાન સમાચાર.

## સાધુ સંમેલન અને ચાલતા કલેશના સમાધાનનો પ્રયત્ન.

હાલમાં અહિં આચાર્ય શ્રીમદ્ **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ** બિરાજમાન છે. કેટલાક દિવસ પહેલાં પાટણનિવાસી શેઠ નગીનદાસ કરમચંદ તથા શેઠ જીવતલાલ પ્રાતપશી, શેઠ પોપટલાલ ધારશીભાઇ, શેઠ બકુભાઇ મણિલાલ મૂળચંદ વગેરે ગૃહસ્થો સાધુ-સમુદાયમાં વર્તમાનમાં ચાલતા કલેશનું સમાધાન થાય અને સાધુસંમેલન થાય તેમ પોતાની લાગણીપૂર્વક ઇચ્છા જણાવી આચાર્ય મહારાજને વચ્ચે પડવાની વિનંતી કરવા સાથે તેઓશ્રી જે રીતે સમાધાની કરી આપે તે પ્રમાણે પોતાની કબૂલાત આપવા સાથે શ્રી સાગરાનંદસૂરિજી તથા પંન્યાસ રામવિજયજી આદિ તરફથી પણ કબુલાત કરી છે જેથી તે સંબંધી પ્રયત્ન શરૂ થયો છે. પાટણમાં બિરાજતાં આચાર્ય શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ વગેરે મુનિમહારાજની પાસે અત્રેથી પાંચ ગૃહસ્થોનું ડેપ્યુટેશન મોકલવામાં આવતાં ત્યાંથી પણ તે વસ્તુને વધાવી લેવામાં આવી છે.

બીજે સ્થળે વડોદરા વગેરે સ્થળે પણ મુખ્ય મુખ્ય મુનિ મહારાજાઓ પાસે આ બાબત સ્પષ્ટ કરાવવા પ્રયત્ન શરુ છે. પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે આ શુભ સુલેહનો શાંતિ માટેનો પ્રયત્ન સફળ થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નમ્ર સૂચના.

અત્યારે ચાલતા ક્લેશના સમાધાનની મંત્રણા ચાલી રહી છે તેની સમાધાની ન થાય ત્યાંસુધી કોઇપણ ન્યુસપેપરમાં તે કાર્ય અટકી પડે, કાર્ય કરનારને મુશ્કેલીઓ ઉભી થાય તેવા લખાણો કે લેખો લખવા નહિ, અથવા કોઇપણ જૈનબંધુઓએ જાહેરમાં તેવી ચર્ચા, ભાષણો કે તેવું કંઇપણ કૃત્ય ન કરવા વિનંતિ છે.

## આ સભામાં નવા થયેલા લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| ૧ | શા ચંદુલાલ વલ્લભદાસ | ભાવનગર |
| ૨ | શેઠ મનસુખલાલ ભગવાનદાસ | ,, |

## ભાઇ ફુલચંદ બકોરદાસનો સ્વર્ગવાસ.

અત્રનિવાસી કાપડના વ્યાપારી આ ભાઇ શુમારે પંચાવન વર્ષની વયે હૃદય એકાએક બંધ થવાથી જેઠ વદિ ૧૩ ના રોજ શિહોર ગામે પંચત્વ પામ્યા છે, તેઓશ્રી સરલ સાદા અને માયાળુ પ્રકૃતિના હતા. તેઓ શ્રદ્ધાળુ તથા દેવભક્તિ અને તીર્થયાત્રાના પ્રેમી હતા. આ સભાના તેઓ લાઇફ મેમ્બર હોવાથી એક યોગ્ય સભાસદની સભાને ખામી પડી છે. તેમના કુટુંબીજનોને દિલાસો આપવા સાથે એમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## શેઠ હરીચંદ જગજીવનદાસનો સ્વર્ગવાસ.

બંધુ હરિચંદશેઠ મૂળ શિહોરનાં વતની અને હાલ ભાવનગરનિવાસી શુમારે પાંસઠ વર્ષની ઉમરે લાંબા વખતથી બિમારી ભોગવી અશાડ શુદ ૭ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ શેઠ કુટુંબના હતા. સ્વભાવે મિલનસાર, માયાળુ અને સરલ અને સાદા હતા. દેવગુરૂધર્મના ઉપાસક અને શ્રદ્ધાળુ હતા. આ સભાના સભ્ય હતા તેમના સ્વર્ગવાસથી એક યોગ્ય સભ્યની ખોટ પડી છે. તેમના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ચાતુર્માસ માટે

# ખાસ ઘટાડેલા ભાવ.

નીચે જણાવેલાં પુસ્તકો ઘટાડેલી કિંમતે શ્રાવણ માસ સુધી મળી શકશે.

**રૂ. ૫) થી ઓછું વી. પી. નહિ થાય.**

રેલ્વે પારસલથી મંગાવનારે સ્ટેશનનું નામ બરાબર લખવું.

| | મૂળ કિં. | ઘટાડેલી કિં. |
|---|---|---|
| ૧ શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ | ૧—૮—૦ | ૦—૧૨—૦ |
| ૨ જૈન સતીરત્નો સચિત્ર | ૧—૪—૦ | ૦—૧૨—૦ |
| ૩ પ્રતિભાસુંદરી | ૧—૮—૦ | ૦—૧૪—૦ |
| ૪ શ્રી આદીનાથ ચરિત્ર | ૧—૮—૦ | ૧—૦—૦ |
| ૫ કચ્છ ગીરનારની મહાયાત્રા સચિત્ર | ૨—૮—૦ | ૧—૦—૦ |
| ૬ શ્રી ગિરનાર તિર્થનો ઈતીહાસ | ૧—૮—૦ | ૧—૦—૦ |
| ૭ સદ્‌ગુણી સુશીલા | ૧—૨—૦ | ૦—૧૨—૦ |
| ૮ બપભટ્ટસૂરિ—આમરાજા ભા. ૨ | ૧—૦—૦ | ૦—૮—૦ |
| ૯ વિમલમંત્રીનો વિજય | ૨—૦—૦ | ૧—૦—૦ |
| ૧૦ જગતશેઠ | ૧—૪—૦ | ૦—૧૨—૦ |
| ૧૧ અર્પણ | ૧—૦—૦ | ૦—૮—૦ |
| ૧૨ વીધીયુક્ત પંચપ્રતિક્રમણ | ૦-૧૨-૦ | ૦—૮—૦ |
| ૧૩ ,, દેવસીરાઈ | ૦—૮—૦ | ૦—૪—૦ |
| ૧૪ પ્રત્યેક બુદ્ધ ચરિત્ર | ૧—૮—૦ | ૦—૧૨—૦ |
| ૧૫ જૈન તિર્થમાળા | ૦—૮—૦ | ૦—૬—૦ |
| ૧૬ કિર્તીશાળી કોચર | ૦-૧૨-૦ | ૦—૬—૦ |

**જૈન સસ્તી વાંચનમાળા પાલીતાણા—( કાઠીયાવાડ )**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૧૭ શત્રુંજય તિર્થ યાત્રા વિચાર | ૦-૧૦-૦ | ૦--૬--૦ |
| ૧૮ સઝાયમાલા ભા. ૧-૨ પાકી | ૦-૧૦-૦ | ૦--૬--૦ |
| ૧૯ જૈન નિત્ય પાઠસંગ્રહ | ૦-૮-૦ | ૦--૫--૦ |
| ૨૦ દેવવંદનમાળા | ૧-૪-૦ | ૦-૧૨-૦ |
| ૨૧ પ્રાચીન સ્તવન સઝાય પદસંગ્રહ | ૧-૮-૦ | ૧--૦--૦ |
| ૨૨ વીવીધ પૂજાસંગ્રહ ભા. ૧ થી ૪ | ૨-૦-૦ | ૧--૪--૦ |
| ૨૩ શ્રી પુંડરીકસ્વામી ચરિત્ર સચિત્ર | ૫-૦-૦ | ૧--૮--૦ |
| ૨૪ દિનશુદ્ધી દિપિકા | ૨-૮-૦ | ૨--૦--૦ |
| ૨૫ અષ્ટાંગ નિમિત્ત અને દિવ્યજ્ઞાન | ૩-૮-૦ | ૨--૦--૦ |
| ૨૬ વિશ્વરચના પ્રબંધ સચિત્ર | ૧-૮-૦ | ૧--૦--૦ |
| ૨૭ પ્રકરણ રત્ન ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ | ૦--૮--૦ |
| ૨૮ ધન્નાશાલીભદ્રનો રાસ સચિત્ર | ૧-૮-૦ | ૦-૧૨-૦ |
| ૨૯ શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર | ૩-૦-૦ | ૨--૪--૦ |
| ૩૦ ધર્મવીર જયાનંદ ભા. ૧-૨ જો | ૪-૦-૦ | ૨--૮--૦ |

ધ્યા ન માં લે શો ?

જૈન ધર્મ પ્રકાશ માસીકના જેઠ માસના ટાઇટલ ઉપર અમારાં પુસ્તકની ઘટાડેલી કિંમત જણાવવામાં આવી છે તે સાથે સરખાવશો. તેમજ સસ્તું કયું પડે છે તે ખાત્રી કરશો. પંચ પ્રતિક્રમણસૂત્ર મોટા અક્ષર પાકું પુંઠું ચૈત્યવંદન ચોવીશી.

દેવસીરાઈ પ્રતિક્રમણ, રત્નાકર પચ્ચીશી વીગેરે શાળાઓમાં ચાલતાં ધાર્મિક પુસ્તકોની અમારી કિંમત ઓછી હોવા સાથે કામ સારૂં હોવાથી ગુજરાત-કાઠીયાવાડની શાળાઓમાં ઘણા સ્થાને અમારાંજ પુસ્તકો જતાં હોવાથી દર વરસે તેની આવૃત્તિ છપાવાય છે. આ સિવાય દરેક સંસ્થાનાં પુસ્તકો તેમજ મેઘરાજ પુસ્તક ભંડાર વીગેરેનાં પુસ્તકો અમારે ત્યાંથી સસ્તાં મળશે.

નાં. ૧૩-૧૬-૧૭-૧૮-૧૯ નાં પુસ્તકો લ્હાણી માટે સારાં છે. નાં. ૨૪-૨૫-૨૬ નાં પુસ્તકો જ્યોતિષ માટે ઘણાં ઉપયોગી અને જૈન જૈનેતર દરેકને રાખવા જેવાં છે. **પુસ્તકો શીલીકમાં હશે ત્યાં સુધી મળી શકશે.**

**જૈન સસ્તી વાંચનમાળા પાલીતાણા**—( કાઠીયાવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભાવના કરવા લાયક પુસ્તકો :—

જે બાળકોને ઉત્તમ જ્ઞાન આપનારાં હોવા સાથે ભાવમાં ઘણા સસ્તાં છે. કિંમતમાં મોટો ઘટાડો છે. પર્યુષણ સુધી સીલીકમાં રહેવા સંભવ નથી.

**માટે તાકીદે મંગાવી લેશો.**

| | કિંમત. | સો નકલના. |
|---|---|---|
| ૧ મહાસતી ચંદનબાળા | ૦–૧–૬ | ૪–૦–૦ |
| ૨ રત્નાકર પચ્ચીશી શ્રીસિદ્ધાચળના ૧૦૮ ખમાસણાં અને મહાદેવ સ્તોત્રના ગુજરાતી અનુવાદ સાથે | ૦–૧–૦ | ૪–૦–૦ |
| ૩ જૈન માંગલીક ગીત | ૦–૧–૬ | ૪–૦–૦ |
| ૪ શત્રુંજય ઉદ્ધાર રાસ | ૦–૧–૬ | ૪–૦–૦ |
| ૫ શ્રાવકનાં બારવ્રતની ટીપ | ૦–૧–૦ | ૩–૦–૦ |
| ૬ અક્ષયનિધી તપવિધી | ૦–૧–૦ | ૨–૮–૦ |
| ૭ સ્નાત્રપૂજા અષ્ટપ્રકારી પૂજાના દોહા સાથે | ૦–૦–૬ | ૧–૪–૦ |
| ૮ ક. ગી. ની યાત્રાનો રાસ | ૦–૧–૦ | ૧–૪–૦ |
| ૯ સવા સોમાની ટુંકનો ઇતીહાસ | ૦–૦–૬ | ૧–૪–૦ |
| ૧૦ મહાસતી સીતા | ૦–૦–૯ | ૩–૦–૦ |
| ૧૧ ,, રાજેમતી | ૦–૦–૬ | ૨–૮–૦ |
| ૧૨ ,, સુલસા | ૦–૦–૬ | ૨–૮–૦ |
| ૧૩ ,, મૃગાવતી | ૦–૦–૬ | ૨–૮–૦ |
| ૧૪ ચૈત્યવંદન ગુરૂવંદન વિધી સાથે | ૦–૧–૦ | ૩–૦–૦ |
| ૧૫ જિનેન્દ્ર સ્તુતિ ( શાસ્ત્રી ) | ૦–૧–૦ | ૩–૮–૦ |
| ૧૬ સ્થાપના–શ્રી નવપદ મંડળના ફોટા સાથે પાકું પુંઠું | ૦–૦–૯ | ૩–૦–૦ |
| ૧૭ ,, શ્રી ગૌતમસ્વામીના ફોટા સાથે | ૦–૦–૯ | ૩–૦–૦ |
| ૧૮ સુધારસ સ્તવન સંગ્રહ | ૦–૨–૦ | ૩–૦–૦ |
| ૧૯ ,, મોટી પાકા પુંઠાની | ૦–૩–૦ | ૧૬–૦–૦ |
| ૨૦ શ્રી શત્રુંજય સ્તવનાવળી | ૦–૪–૦ | ૧૭–૮–૦ |
| ૨૧ નુતન સ્તવનાવળી પાકી | ૦–૪–૦ | ૨૦–૦–૦ |
| ૨૨ સઝાયમાલા પોકેટ–પાકી | ૦–૪–૦ | ૨૦–૦–૦ |
| ૨૩ સિદ્ધાચળનું વર્તમાન વર્ણન | ૦–૪–૦ | ૧૫–૦–૦ |
| ૨૪ સમાધી વિચાર | ૦–૨–૦ | ૫–૦–૦ |
| ૨૫ ચૈત્યવંદન ચોવીશી (શ્રી લબ્ધીસૂરિ કૃત ચોવીશી સાથે) | ૦–૬–૦ | ૩૦–૦–૦ |

**જૈન સસ્તી વાંચનમાળા પાલીતાણા—(કાઠીયાવાડ)**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાપડા–સાપડી નાના મોટા દરેક જાતના મળશે. **કલકત્તાના સુંદર રંગીન ફોટાઓ–ઇતીહાસીક જૈનેતર સારાં નોવેલો** અને દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહેતો હોવાથી મંગાવનારને ફાયદો થવા સાથે એક સ્થાનેથી મંગાવતાં ખર્ચમાં પણ ફાયદો થાય છે. **જાહેર સંસ્થાઓ–લાયબ્રેરીઓ–અને સાહિત્યશોખીન ગ્રહસ્થોના ઓરડર અમનેજ આવે છે. વધુ માટે અમારૂં લીસ્ટ મંગાવો.**

## ગ્રાહક થવાનું નહિ ભુલતા.

**તાકીદે દાખલ ફીના રૂ. ૦–૮–૦ મોકલી આપનું નામ ગ્રાહકમાં લખાવો.**

આવાં ઇતીહાસીક નવીન પુસ્તકો પાછળથી નહિ મળી શકે–સં. ૧૯૭૯ થી ૧૯૮૮ સુધીમાં ગ્રાહકોને લગભગ ચાલીશ જાતનાં પાકા પુઠાનાં પુસ્તકો અપાયાં છે.

**માત્ર રૂ. ૩) ના લવાજમમાં આટલું વાંચન** અને ઈતીહાસીક નવીન પાકા પુંઠાનાં લગભગ અગીયારસો ઉપરાંત પાનાનાં પુસ્તકો આપને વાંચનમાળા જ આપે છે. દુર દુર દેશના ગ્રાહકોના માગણી વધતી જાય છે. **કુટુંબમાં સૌ કોઈ આ** પુસ્તકો વાંચીને ધાર્મીક, નૈતિક અને ઈતીહાસીક જ્ઞાન મેળવી શકે છે.

**વધારે જણાવવા કરતાં એકાદ વર્ષ માટે ગ્રાહક થઇ ખાત્રી કરો** એજ અમારી નમ્ર સુચના છે.

ચાલુ સાલનાં પુસ્તકો ગ્રાહકોને શ્રાવણ માસમાં મળશે.

| | પૃષ્ટ. | છુટક કિંમત. |
|---|---|---|
| ૧ અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો સચિત્ર | ૨૦૦ | ૧–૦–૦ |
| ૨ શ્રી મહાવીર અને શ્રેણીક | ૩૨૫ | ૧–૪–૦ |
| ૩ જાવડશાહ. | ૪૫૦ | ૧–૮–૦ |
| ૪ તરંગવતી–તરંગલોલા સચિત્ર | ૧૭૫ | ૦-૧૨-૦ |
| | ૧૧૫૦ | ૪–૮–૦ |

કુલ પૃષ્ટ ૧૧૫૦ લગભગનાં પાકા પુઠાનાં ચારે પુસ્તકો છુટક કિંમતે રૂ. ૪–૮–૦ નાં ગ્રાહકોને રૂ. ૩ માં મળે છે પોસ્ટ પેકીંગ ખર્ચ અલગ.

એકજ ગામના ચારથી વધુ ગ્રાહકોને રેલ્વે પારસલથી મોકલતાં ખર્ચમાં ઘણો ફાયદો થશે. તે ગ્રાહકોએ ધ્યાનમાં લેવું.

## જૈન સસ્તી વાંચનમાળા પાલીતાણા—( કાઠીયાવાડ )

શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે, તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા, તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પૂર્ણિમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

## શ્રી નવપદજીની પૂજા. ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્દ યશોવિજયજી મહારાજકૃત નવપદજીની** પૂજા અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું** મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજી પૂજાઓ** પણ દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગિતા અને આરાધના માટે તો કહેવુંજ શું ? શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એકઉત્તમ કૃતિ છે. અને તેમાં ગુરૂમહારાજની છબી, નવપદજી મહારાજનું મંડલ ને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય તેવું નથી. કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. આષાઢ. આત્મ સં. ૩૮. અંક ૧૨ મો.

## જૈન ધર્મ.

" જૈન ધર્મ એ કાંઇ એક જાતિ નથી, એ એક **જીવન** છે; જૈન એ કોઇ **જાતિસૂચક** શબ્દ નથી, પણ **જીવનસૂચક** શબ્દ છે. એ કોઇ ફિલ્સુફી નથી, પણ સર્વ બાબતોનો નિવેડો કરનાર ફિલ્સુફીથી પ્રેરાતું **આધ્યાત્મિક જીવન** છે. એ જીવન વણિક મેળવી શકે, બ્રાહ્મણ મેળવી શકે, ભંગી મેળવી શકે, યુરોપિયન મેળવી શકે, જેપાનીસ મેળવી શકે; વણિક, બ્રાહ્મણ, ભંગી, યુરોપિયન, જેપાનીસ એવા જાતિ કે ભૂમિસૂચક ભેદ જૈનત્વ સાથે સંબંધ ધરાવતા નથી. જૈન ધર્મ કે જૈનત્વ એ તો વિશ્વની **સામાન્ય મિલકત** છે, એ વિશ્વના રહસ્યની ચાવી છે, અનેક દુનિયાઓને જોડનાર **સોનેરી સાંકળ** છે. "

સ્વ **વાડીલાલ મો. શાહના**
**આત્મવૃત્તમાંથી.**

For Private And Personal Use Only